
Anoopam Mission

# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે
મે ૨૦૨૬ * વર્ષ ૪૧ * અંક ૨



પરમ સાધુતાની મૂર્તિ યોગીજી મહારાજ જેવા આધ્યાત્મિક યુગવિભૂતિ
હજારો વર્ષોમાં એકાદવાર જ ભગવદ્ કૃપાથી
આધ્યાત્મિક ઉત્ક્રાંતિના પ્રણેતારૂપે આ પૃથ્વી ઉપર પ્રગટ થાય છે !

**ભગવાહૃદયી સાધુતાની આધ્યાત્મિક ઉત્ક્રાંતિના યુગદૃષ્ટા**
**બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજને**
**૧૩૫મા પ્રાગટ્ય મહામંગલપર્વે અનંત વંદન સહ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ !**

॥ સ્વામિશ્રીજી ॥

# બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજ

## ભગવાહૃદયી સાધુતાની આધ્યાત્મિક ઉત્ક્રાંતિના યુગદૃષ્ટા






**પરમ** સાધુતાની મૂર્તિ યોગીજી મહારાજ જેવા આધ્યાત્મિક યુગવિભૂતિ હજારો વર્ષોમાં એકાદવાર જ ભગવદ્ કૃપાથી આધ્યાત્મિક ઉત્ક્રાંતિના પ્રણેતારૂપે આ પૃથ્વી ઉપર પ્રગટ થાય છે !

બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજ એક અવર્ણનીય, અકલ્પનીય અને અતુલ્ય એવા આધ્યાત્મિક યુગવિભૂતિ હતા. તેઓના જીવનના પ્રત્યેક પરિમાણમાં તેઓએ સર્વોત્તમ પરાકાષ્ઠાનાં દર્શન કરાવ્યાં છે. નવજાત શિશુરૂપે તેઓની સહજ બાળલીલાનાં દર્શન કરનારાં સૌને તેઓ દ્વારા પ્રગટ દિવ્ય શક્તિની ઝાંખી થતી. એક વિદ્યાર્થીરૂપે યોગીજી મહારાજે વિદ્યાભ્યાસના સમગ્ર કાર્યકાળ દરમિયાન એક આદર્શ વિદ્યાર્થીરૂપે જીવન મૂલ્યોનાં આચરણ દ્વારા સૌને આદર્શ વિદ્યાર્થીના અનુભવ કરાવ્યા છે. કિશોર અવસ્થામાં ભગવદ્‌નિષ્ઠ સાધુના સમાગમ તથા સેવા-પરિચર્યાથી તેઓએ ભગવદ્‌ભક્તિનાં સર્વોત્તમ દર્શન કરાવ્યાં. ભાગવતી દીક્ષા પ્રાપ્ત કરી તે પછીનું તેઓનું જીવન તો એક મહાયોગીનું જીવન રહ્યું. જીવનની પ્રત્યેક પળે યોગીજી મહારાજે અપ્રતિમ દાસત્વભાવને જીવન, વિચાર, વાણી અને વર્તનમાં સહજ બનાવ્યા. સેવા, ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ, ધર્મ, સુહૃદભાવ જેવા પરમ દૈવી સદ્‌ગુણો તો જાણે યોગીજી મહારાજના જીવનના અને વ્યક્તિત્વના સહજ અને અભિન્ન અંગરૂપ હતા. જીવનની પ્રત્યેક પળે પોતાના ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજને અંતરથી રાજી કરી લેવાના ઉમંગ યોગીજી મહારાજના શરીરની નસેનસમાં જાણે લોહીના સ્થાને વહેતા હોય તેવી યોગીજી મહારાજની ગુરુભક્તિ હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રબોધેલી શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનારૂપી બ્રહ્મવિદ્યાને તેઓએ પોતાની જીવનદૃષ્ટિ અને જીવનશૈલી બનાવી હતી. તેઓની અતિ સરળતા, અતિશય વિનમ્રતા, કલ્પનાતીત દાસત્વ અને ભગવાન, ભગવાનના સંતો-ભક્તોના અપાર માહાત્મ્યના કારણે વર્ષોપર્યંત યોગીજી મહારાજના પરમ દિવ્ય સ્વરૂપની યથાર્થ ઝાંખી દુર્લભ રહી. આ દિવ્ય મૂર્તિને બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ શ્રી શાસ્ત્રીજી મહારાજે સર્વપ્રથમ ઓળખાવી. તેઓએ યોગીજી મહારાજનાં દિવ્ય સ્વરૂપ અને સામર્થ્યની ઝાંખી કરાવતાં કહ્યું, "આ યોગીજી મહારાજ તો અનંત કોટી બ્રહ્માંડોનો વ્યવહાર ચલાવે તેવા છે. શ્રીમદ્ ભાગવત મહાપુરાણમાં શ્રી વેદ વ્યાસે સાચા સાધુના ગુણો વર્ણવ્યા છે; એ સર્વ ગુણો સહિત એ વર્ણનમાં સાચા સાધુના કોઈક ગુણ લખવાના રહી ગયા હોય તો તે સર્વ ગુણ આ યોગીજી મહારાજમાં છે." અને પછી અંતર્ધાન થતાં પહેલાં તો પરભાવમાં આવીને બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજે એક જ

વાક્યમાં યોગીજી મહારાજના દિવ્ય સ્વરૂપના સાર કહી દીધા. તેઓએ કહ્યું, “હું તે યોગી અને યોગી તે હું !”

૧૯૫૧માં બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજે પોતાની દેહલીલા સંકેલી, ત્યાર પછી બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે સત્સંગધૂરા સંભાળી. ત્યારે પણ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજના દિવ્ય નિર્દેશ છતાંય હજુ પણ યોગીજી મહારાજની સામર્થી અને દિવ્ય સ્વરૂપ વિશે પૂર્ણ શ્રદ્ધા દુર્લભ હતી. ધન્ય છે પરમ દિવ્ય પૂજ્ય કાકાજી મહારાજને ! ૧૯૫૨માં યોગીજી મહારાજનાં સંકલ્પ, પ્રાર્થનાના દિવ્ય બળે ગોંડલ તીર્થધામમાં પ્રગટ મંદિરજીમાં સાક્ષાત્ બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ સન્મુખ પરમ પૂજ્ય કાકાજી મહારાજને શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં લક્ષ થઈ ગયો–સમાધિ દ્વારા સાક્ષાત્કારની અનુભૂતિ થઈ. આ અનુભૂતિના ઠોસ આધાર પર પરમ દિવ્ય પૂજ્ય કાકાજી મહારાજે યોગીજી મહારાજના દિવ્ય સ્વરૂપ અને સામર્થ્યનાં જે મહિમાગાન કર્યાં તે દ્વારા સમગ્ર સત્સંગસમાજને યોગીજી મહારાજના દિવ્ય સ્વરૂપનો યથાર્થ મહિમા સમજાતો ગયો, વધતો ગયો. ૧૯૫૧થી ૧૯૭૧ના માત્ર બે દાયકાના ટૂંકા સમયગાળામાં બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે જે આધ્યાત્મિક યુગકાર્યોનાં બીજ વાવ્યાં, પ્રારંભ કર્યાં અને પ્રેરણા આપી તે સર્વે આજે તો એક વૈશ્વિક આધ્યાત્મિક ઉત્ક્રાંતિનું સ્વરૂપ લઈ ચૂક્યાં છે. તે સર્વ દિવ્ય કાર્યોમાં અનુપમ એવું યુગકાર્ય તે ૧૯૬૬ની ૧૪મી મેના દિવસે શાહીબાગ, અમદાવાદના મંદિરજીમાં પોતાની ઓરડીમાં યુવાન જશભાઈ (ગુરુહરિ સાહેબજી)ને “તમારાં સૌનાં હૃદય ભગવાં કરી તમને સાધુ કરવા છે...” એ આધ્યાત્મિક મહાવાક્ય રૂપી મંત્રદીક્ષા આપી ભારતીય સંન્યાસ પરંપરાના ઈતિહાસમાં એક અદ્વિતીય વિરાટ પગલું ભર્યું તે છે. આજે યોગીજી મહારાજના આશીર્વાદ અને ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી સંતભગવંત સાહેબજીની નિશ્રામાં ૧૦૮ યુવાઓ કર્મયોગ અને ભક્તિયોગનો સમન્વય સાધી ભગવાં વસ્ત્ર વિના પોતાનાં હૃદયને ભગવાં કરી યોગીજી મહારાજના જશનું ગીત બની જીવી રહ્યા છે.



ભગવા હૃદયી સાધુતાની આધ્યાત્મિક ઉત્ક્રાંતિના યુગદ્રષ્ટા બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજને ૧૩૫મા પ્રાગટ્ય મહામંગલપર્વે તથા શ્રી યોગીઆજ્ઞા મંત્રદીક્ષાની હીરક જયંતીના ઐતિહાસિક વર્ષે અનંત વંદન સહ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ ! ◆

~સા.શ્રી... ~ સાધુ મનોજદાસ



સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

શ્રી સ્વામિનારાયણ મંદિરજીમાં રાત્રિસભામાં આશીર્દાન

૧૯ એપ્રિલ ૨૦૨૬, અનુપમ મિશન, તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, ઇંગ્લૅન્ડ

**આપણે** આપણા ગુરુદેવો શાસ્ત્રીજી મહારાજ યોગીજી મહારાજના જીવન તરફ જોઈએ તો આપણને એમ થાય કે આપણે તો સત્સંગ માટે કાંઈ જ નથી કરતા. શાસ્ત્રીજી મહારાજે બોચાસણ, ગઢડા, સારંગપુર, ગોંડલ, અટલાદરા–આ બધાં મંદિરોનાં બાંધકામ એક સાથે ઉપાડેલાં. ત્યારે પૈસાની બહુ તકલીફ હતી. શાસ્ત્રીજી મહારાજ માટે બધા ભક્તોને હેત બહુ જ હતું, પ્રેમ બહુ જ હતો, પણ જેવો છે તેવો મહિમા નહોતો એટલે સેવામાં બધા આઘાપાછા થતા. જ્યાં સુધી સત્પુરુષનો મહિમા ના થાય ત્યાં સુધી સાચો સમર્પણભાવ પ્રગટતો નથી. 'મારા ગુરુ માટે, મારા પ્રભુ માટે શું ના થાય ?' એ ભાવ મહિમા વગર પ્રગટતો નથી. એટલે શાસ્ત્રીજી મહારાજને પૈસાની સેવા આપવા ના જાય, સૌ કહે, 'શાસ્ત્રીજી મહારાજ અમારાં ઘરે પધરામણી કરે તો અમે સેવામાં પૈસા આપીએ !' બી.એ.પી.એસ. સંસ્થામાં ત્યારે સંસ્થાની ગાડી નહોતી. શાસ્ત્રીજી મહારાજની ઉંમર મોટી, પગમાં વાનું દર્દ હતું તેથી ચાલી નહોતા શકતા. એટલે બે સંતો ઊંચકીને શાસ્ત્રીજી મહારાજને પધરામણીએ લઈ જાય–તમે દર્શન કરો તો આશ્ચર્ય પામી જાવ ! કોઈએ કહ્યું કે, 'સ્વામી, આટલી બધી તકલીફમાં આ બધું શા માટે કરો છો ? થોડો આરામ કરો.' ત્યારે કહે, 'અમારે તો અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તે, તેનાં મંદિરો થાય એ જ અમારે માટે આરામ છે. અમારે તો ભગવાનની ભક્તિમાં જે સેવા મળે એ આરામ જ છે.'

પધરામણીએ જાય તો પૈસાની સેવા મળે. એક વખત મુંબઈમાં યોગીજી મહારાજને એક ભગતે કહ્યું, 'મારે ઘરે પધરામણીએ આવો.' યોગીજી મહારાજ તો ચાર દાદરા ચઢીને પધરામણીએ ગયા. ચાર દાદરા ચઢ્યા ને એપાર્ટમૅન્ટનો દરવાજો ખૂલ્યો તો એ ભાઈ તો ઘરમાં હતા નહીં. સ્વામી જોડે કોઈ હરિભકત હતા એમણે તપાસ કરી તો કહે, 'અહીં ઘરમાં તો એક બહેન અને બે દીકરીઓ જ છે, ભાઈ તો છે નહીં.' એટલે યોગીબાપા ને સંતો ચાર દાદરા ઊતરી પડ્યા. બોલાવ્યા છતાં હાજર ના રહ્યા અને તોય ગુરુને ફરી બોલાવ્યા તો ફરી પધરામણીએ ગયા ! પોતાના ઈષ્ટદેવ, પોતાના ગુરુ શાસ્ત્રીજી મહારાજે જે કાર્ય ઉપાડ્યું છે એ કાર્ય કર્યા કરવું એ યોગીબાપાને મન આરામ હતો ! એટલે એ પરિસ્થિત સામું જોઈએ તો ખ્યાલ આવે કે અત્યારે તો કેટલી બધી લકઝરી છે. ગાડી છે, મકાનોમાં લિફ્ટ છે, વિશેષ ભક્તોને મહિમા છે–આમ જોવા જઈએ તો કંઈ તકલીફ નથી. યોગીબાપાએ આપણને જે કાર્ય સોંપ્યું છે, એ કાર્યમાં આપણે સમર્પિત થયા છીએ. એ કાર્ય વહેતું રહે, અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો ગોકીરો થાય; એ આપણી પ્રભુ તરફની ને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ તરફની ગુરુભક્તિ છે.

અત્યારે આપણને સાયન્સ અને ટૅક્નોલૉજીએ કેટલી બધી સુખ–સુવિધાઓ આપી છે ! વરસો પહેલાં આફ્રિકા ગયેલા આપણા બાપદાદાઓને તો કલ્પના પણ નહીં હોય કે અમારી બીજી–ત્રીજી પેઢી આવી સુખ–સુવિધાઓ ભોગવશે. આપણી સુખ–સુવિધાઓ ઊભી થઈ છે સાયન્ટિસ્ટોને લીધે. તમે જુઓ તો સાયન્સ અને ટૅક્નોલૉજીનો પાયો ખરેખર તો મૅથેમેટિક્સ અને ફિઝિક્સ ઉપર સ્થપાયો છે. પણ, આ મૅથેમૅટિક્સ, ફિઝિક્સ, સાયન્સનો પાયો ઝીરો–શૂન્ય પર આધારિત છે ! છતાં માણસો ઝીરોને તો શોધ ગણતાં જ નથી. ભારતના ઋષિ–મુનિઓએ શોધ કરીને સમાજને ઝીરો આપ્યો અને એ ઝીરો ઉપર જ બધું ઊભું થયું. પણ એ ઋષિ–મુનિઓનું નામ કોઈને ખબર જ નથી.

અત્યારે કોઈ સામાન્ય શોધ કરે એને વિવિધ પ્રાઇઝ મળે છે, પણ કોઈ વિરલાને ખબર નથી કે સાયન્સ અને ટૅક્નોલોજી જેના પર ઊભાં થયાં એ ઝીરોની જેમણે શોધ કરી એમને મોટામાં મોટું પ્રાઇઝ આપવા જેવું છે.

આમ તમે જુઓ તો સુખી થવા માટે લોકો કેટલાં બધાં ફાંફાં મારે છે. આપણાં બધાંના બાપદાદાઓ સુખી થવા જ્યારે આફ્રિકા ગયા ત્યારે ત્યાં શું કોઈએ હારતોરા લઈને આવકાર આપ્યો હતો ? ત્યાંનાં લોકોની ભાષા નહોતી આવડતી, એ લોકોના ખોરાકની ખબર નહોતી-એવા પ્રદેશોમાં જઈને તેઓ રહ્યા, એવી પ્રજા સાથે રહ્યા. પતરાંનાં છાપરાંમાં રહ્યા, ટાઢ-તડકો-વરસાદ-પ્રાણીઓ-માણસો બધું અજાણ્યું હતું. કશું સૅટ થાય એવું નહોતું, છતાં પણ સુખી થવા માટે ત્યાં જ રહ્યા. એમના પુણ્યને પ્રતાપે, એમના દાખડાથી એમની ત્રીજી-ચોથી પેઢીનાં આપણે સુખી છીએ. પણ આંખ બંધ કરીને વિચારો કે, આપણે શું સંપૂર્ણપણે સુખી છીએ ?

અત્યારે સમૃદ્ધિવાન દેશો લડે છે. આમ જોવા જઈએ તો અમૅરિકાને શું દુઃખ છે ? ઈરાનવાળાને શું દુઃખ છે ? ચિક્કાર પૅટ્રોલ, ચિક્કાર પૈસો છે, પણ તેઓ બાખડે છે એમાં બીજાનો ખુડદો બોલી જાય છે. એમણે આખી દુનિયાને તકલીફમાં મૂકી દીધી છે. એમને કહીએ કે, શેની તકલીફ છે ? આટલા સાયન્સ અને ટૅક્નોલૉજીના જમાનામાં લડો છો શું કામ ? આ જે છે એને ભોગવોને ! પણ કોઈ કોઈનું માનતું નથી. કારણ ? ઈગો-અહંકાર, દેહભાવ ! નાના માણસનો નાનો અહંકાર હોય, પણ તે જેમ મોટો થાય તેમ અહંકાર વધતો જાય એટલે માણસ વધારે દુઃખી થાય. 'મેં કર્યું', 'હું કરું છું', 'મારાથી થાય છે', 'મારી હાજરીથી થાય છે'-આ બધું ઈગો જ છે. કામ થયું છે તે તમારા વગર નથી થયું, પણ 'મેં કર્યું', 'મારાથી થયું', 'હું ના હોત તો કંઈ ના થાત'-એવું જે થાય છે એ ઈગો છે. ભગવાનને ભૂલીને જે બોલો છો એ ઈગો છે. એ અહંકારને કારણે જ માણસો-દેશો ઝઘડે છે, દુઃખી થાય છે. હવે એ ઈગોને ઓગાળવો કેવી રીતે ? ઈગોલેસ-અહંશૂન્ય થવું કેવી રીતે ?

અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો ગોકીરો થાય;
એ આપણી પ્રભુ તરફની ને
શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ તરફની
ગુરુભક્તિ છે.

આપણા બધા ઋષિઓને જુઓ, તેઓએ હજારો વર્ષ તપ કર્યું છે. આપણાં કરતાં લાખો ગણા મોટા તપસ્વી પુરુષો હતા, તેઓ બોલે એ થાય એટલું એમનું સામર્થ્ય હતું; છતાં પણ અહંશૂન્યતા પ્રાપ્ત ના થઈ શકી. એમનું ધાર્યું ના થાય, એમનો સહેજ અહંકાર ઘવાય એટલે તરત શ્રાપ આપી દે. અંબરીષ રાજા નિર્દોષ હતા, પણ દુર્વાસા ઋષિ અણસમજણમાં ગુસ્સે થઈ ગયા ને ક્રોધ વધી ગયો તેથી ખબર જ ના પડી ને શ્રાપ આપી દીધો. એટલે આ જાણીને વિષ્ણુ ભગવાનનું સુદર્શન ચક્ર ભક્તની મદદે આવી દુર્વાસાની પાછળ પડ્યું. એટલે દુર્વાસા ભાગ્યા. શિવજી પાસે ગયા, બ્રહ્મા પાસે ગયા, પણ તેઓએ ના પાડી દીધી ને કહ્યું, 'વિષ્ણુ ભગવાને છોડેલું સુદર્શન ચક્ર તેઓ જ પાછું બોલાવી શકે, બીજા ના બોલાવી શકે.' એટલે તેઓ વિષ્ણુ ભગવાન પાસે ગયા. વિષ્ણુ ભગવાન કહે, 'જુઓ, તમે તપસ્વી છો, પણ સુદર્શન ચક્ર મારા હાથમાંથી છૂટ્યા પછી કામ કરીને જ પાછું આવે, એમ ને એમ પાછું આવે નહીં, એટલે મારાથી પાછું બોલાવાશે નહીં. છતાં, એક ઉપાય છે : અંબરીષ રાજા-જેમને તમે શ્રાપ આપ્યો છે એ અંબરીષ રાજા જો એમ કહે કે, 'હે સુદર્શન ચક્ર ! તું પાછું જા.' તો જ સુદર્શન ચક્ર પાછું જશે, બાકી તમારો વધ નક્કી જ છે.'

એટલે દુર્વાસા ઋષિ પાછા અંબરીષ રાજા પાસે ગયા અને કહ્યું, 'માફ કરો, આ સુદર્શન ચક્રથી મને બચાવો.' ત્યારે અંબરીષ રાજાએ અહંશૂન્યતાનું દર્શન કરાવ્યું. અંબરીષ રાજા બોલ્યા કે, 'હે પ્રભુ ! દુર્વાસા ઋષિ જ્યારે પહેલી વખત મારા આંગણે આવ્યા, ત્યારે તેઓને આવકારવાનો મને જેવો દિવ્યભાવ હતો અને પછી તેઓએ ગુસ્સે થઈને મને શ્રાપ આપ્યો ત્યારે પણ જે દિવ્યભાવ હતો અને અત્યારે જ્યારે તેઓ મારી પાસે માફી માગે છે ત્યારે પણ જે દિવ્યભાવ છે; તો તેઓ જ્યારે આવ્યા ત્યારે જેવો ભાવ હતો એવો ને એવો ભાવ આ ત્રણેય વખત રહ્યો હોય તો સુદર્શન ચક્ર પાછું જાય.' અને સુદર્શન ચક્ર પાછું વળી ગયું ! આ અહંશૂન્યતા ! આવી અહંશૂન્યતા જ્યારે આવે ત્યારે જ માણસ સુખિયો થાય.





> અક્ષરરૂપ થઈ પરબ્રહ્મની ઉપાસના કરવી.
> અક્ષરરૂપ થવું એટલે
> અહંશૂન્યતા પ્રાપ્ત કરવી અને
> ભગવાનની પરમ ભક્તિનો આનંદ માણવો.

તો, એવી અહંશૂન્યતા લાવવી ક્યાંથી ? આપણાંથી અંબરીષ રાજા જેવું તપ તો થાય એવું નથી. અંબરીષ રાજા જેવી ભજન-ભક્તિ થાય એવી નથી. અંબરીષ રાજા જેવું પ્રભુને અર્થે જીવન સમર્પિત થાય એવું નથી. છતાં ઉકેલ એવો હોવો જોઈએ, શોધ એવી હોવી જોઈએ કે, સામાન્યમાં સામાન્ય માણસ પણ એને એપ્લાય કરી શકે. અને એવી અહંશૂન્યતા લાવવા માટેની વાત ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ-યોગીજી મહારાજે કરી. એ વાત એટલે અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની વાત ! અક્ષરરૂપ થઈ પરબ્રહ્મની ઉપાસના કરવી. અક્ષરરૂપ થવું એટલે અહંશૂન્યતા પ્રાપ્ત કરવી અને ભગવાનની પરમ ભક્તિનો આનંદ માણવો. એવા અહંશૂન્ય થવા માટે જેઓ અહંશૂન્ય થયેલા છે એમની સાથે આત્મબુદ્ધિને પ્રીતિથી તમે જોડાવ અને તેઓની આજ્ઞામાં રહો તો તમે અહંશૂન્ય થઈ જાવ, પછી તમે ગમે એવા હોવ કોઈ પ્રૉબ્લેમ નથી.

ગુણાતીતાનંદ સ્વામીએ વાત કરી કે, મુંબઈથી મોમ્બાસા-આફ્રિકા સ્ટીમરમાં બધાં જતાં હોય, એ સ્ટીમરમાં એક લંગોટીવાળો બાવો બેસે કે જેણે ફક્ત લંગોટી જ પહેરેલી હોય, એની પાસે બીજું કંઈ ના હોય. અને એના પછી એક ગૃહસ્થ-એ ગાય, ભેંસ, સ્ત્રી, છોકરાં ને બધો સામાન લઈને સ્ટીમરમાં બેસે. આ બંને જણા એક સાથે જ મોમ્બાસા ઊતરે. કારણ, અગત્યની સ્ટીમર છે. સ્ટીમરમાં બેઠા એટલે પહોંચ્યા. એમ, અગત્યના સાધુ છે. એવા સાધુમાં તમે જોડાવ તો તમે અહંશૂન્ય થાવ.

એવા સાધુ કોણ ? તો એમાં મોટામાં મોટી બાબત એ છે કે જેઓ અહંશૂન્ય હોય. ગુણાતીતભાવ એ અહંશૂન્યતાનો ભાવ છે. ગુણથી અતીત-સત્ત્વ, રજ ને તમ એ ત્રણ ગુણથી પર, જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્ત એ ત્રણ અવસ્થાથી પર, સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહથી પર જે વર્તતા હોય એ ગુણાતીત ! તેઓ આપણા જેવા માણસ જ હોય, આપણા જેવી જ પ્રવૃત્તિ કરતા હોય, આપણા જેવું જ ખાતા-પીતા હોય, જોતા-બોલતા હોય; પણ ફરક એટલો હોય કે, એમની દરેક ક્રિયાની પાછળ એમનું અનુસંધાન પોતાના ઈષ્ટદેવ અને પોતાના ગુરુ રાજી થાય એ હોય. એમનું હરેક બોલવું-ચાલવું ગુરુની-ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે હોય. એમની દરેક પ્રવૃત્તિ ગુરુની આજ્ઞાથી ભગવાનને રાજી કરવા માટે હોય. એમનાં હરેક વિચાર, વાણી ને વર્તન ગુરુની આજ્ઞા પાળવામાં જ હોય. આવા જે સાધુ ભગવાનમાં રહે છે એમની સાથે જે જોડાય એને તેઓ ભગવાનમાં જોડી અહંશૂન્ય બનાવે છે. અક્ષરપુરુષોત્તમ ઉપાસના આ પ્રવર્તાવે છે કે, ભગવાન થઈ ગયા છે, થવાના છે એવું નહીં, પણ ભગવાન છે છે ને છે ! અક્ષરપુરુષોત્તમનો સિદ્ધાંત એ પ્રગટની ઉપાસના છે !

શ્રી સ્વામિનારાયણ ભગવાન, શ્રી કૃષ્ણ ભગવાન, શ્રી રામ ભગવાન ઘણાં વર્ષ પહેલાં પ્રગટ થયા, પણ તેઓ ગયા નથી. ગુણાતીતાનંદ સ્વામી કહે, કેટલા બધા બ્રાહ્મણો મરી ગયા, તો પૃથ્વી પરથી બ્રાહ્મણો જતા રહ્યા ? બ્રાહ્મણનો વંશ પૂરો થઈ ગયો ? કેટલા બધા પટેલો મરી ગયા, તો પૃથ્વી પરથી પટેલો સમાપ્ત થઈ ગયા ? એમનો વંશ પૂરો થઈ ગયો ? કેટલા બધા લોહાણા મરી ગયા, તો એમનો વંશ પૂરો થઈ ગયો ? આટલા બધા બ્રાહ્મણ, પટેલ, લોહાણા મરી ગયા તો પણ એમનો વંશ હજી ચાલુ છે તો ભગવાનનો વંશ ચાલુ ના હોય ? ભગવાન શ્રી રામ, ભગવાન શ્રી કૃષ્ણ, શ્રી સ્વામિનારાયણ ભગવાન ગયા પછી એમનો વંશ જ નહીં ?

શ્રી કૃષ્ણ ભગવાને વરદાન આપ્યું છે, 'હે અર્જુન જ્યારે જીવને માનવનો દેહ મળે છે ત્યારે અમે પૃથ્વી ઉપર માનવરૂપે પ્રગટ હોઈશું, હોઈશું ને હોઈશું.' શ્રી સ્વામિનારાયણ ભગવાને પણ કહ્યું, 'અમે આ પૃથ્વી પર આવ્યા છીએ તો એવા ગુણાતીત સાધુ થકી અખંડ રહીશું.' અને એવા ગુણાતીત સાધુ-ગુણાતીતાનંદ સ્વામીનું એમણે દર્શન કરાવ્યું. મોટી મોટી સોસાયટીઓ બને તો ત્યાં પહેલાં મૉડેલ હાઉસ હોય. આપણને નકશા બતાવે તો ખબર ના પડે, પણ મૉડેલ હાઉસ બનેલું હોય તે જોઈએ ત્યારે ખબર પડે અને જોઈને ગમી જાય પછી

આપણે પસંદ કરીએ કે આ મકાન લેવું છે. એમ, ગુણાતીતભાવનું મૉડેલ એવા ગુણાતીતાનંદ સ્વામીને સ્વામિનારાયણ ભગવાન સાથે લઈને આવ્યા ને કહ્યું કે, 'આવા સાધુ થકી હું પ્રગટ રહીશ.' ભગવે ભગવે ગુણાતીત અવસ્થા નથી-યાદ રાખો. જેઓ કેવળ ભગવાનમાં જ રહે છે અને જે કોઈ સંબંધમાં આવે એને પોતાનામાં નહીં, પણ ભગવાનમાંજોડે છે અને ભગવાન કેમ રાજી થાય, ભગવાન આપણા જીવનમાં કેવી રીતે કામ કરે એની સમજણ શુદ્ધ કરતા જાય છે એવા જે સાધુ, એમની દરેક પ્રવૃત્તિનું અનુસંધાન પોતાના ઈષ્ટદેવને રાજી કરવાનું હોય, ગુરુની આજ્ઞા પ્રમાણે જીવન જીવવાનું હોય. ગુણાતીતાનંદ સ્વામી એવા ગુણાતીતભાવને પામેલા સાધુ હતા.

જેમ 'શ્રી રાધાકૃષ્ણ'-શ્રી રાધાજી અને ભગવાન શ્રી કૃષ્ણ. 'શ્રી સીતારામ'-શ્રી સીતાજી અને ભગવાન શ્રી રામ. 'શ્રી શિવપાર્વતી'-ભગવાન શ્રી શિવ અને શ્રી પાર્વતીજી; એમ, 'સ્વામિનારાયણ'-સ્વામી એટલે ગુણાતીતાનંદ સ્વામી અને નારાયણ એટલે સહજાનંદ સ્વામી. 'અક્ષરપુરુષોત્તમ'-અક્ષર એટલે ગુણાતીતાનંદ સ્વામી અને પુરુષોત્તમ એટલે સહજાનંદ સ્વામી. એ અક્ષરપુરુષોત્તમની ઉપાસના પ્રવર્તાવવાનું કામ શાસ્ત્રીજી મહારાજે કર્યું. જેમ આપણા ઋષિ-મુનિઓએ ઝીરો શોધ્યા પછી સાયન્સ અને ટૅક્નોલૉજીએ આટલું બધું આપ્યું, એમ અક્ષરપુરુષોત્તમની ઉપાસનાનું પ્રવર્તન શાસ્ત્રીજી મહારાજે શરૂ કર્યું તે પછી આ સો-સવાસો વર્ષમાં તમે જુઓ તો આખા સમાજના ભક્તોની કાયાપલટ થઈ ગઈ!

અહીં રસોડામાં બહેનો સેવા કરે છે, ૪૦-૫૦ સ્વયંસેવક યુવાનો સવારથી સાંજ ભેગા રહીને સેવા-ભક્તિનો આનંદ કરે છે. પ્રગટ સત્પુરુષ અશ્વિનભાઈ, શાંતિભાઈ, હિંમત સ્વામીજી, પંકજ ને સંતોને આગળ રાખીને તેઓની આજ્ઞાથી ભગવાનને રાજી કરવા સૌ મંડ્યાં છે. પોતાનું નામ બોલાય કે ના બોલાય, પણ 'મારી ભક્તિથી પ્રભુ રાજી થાય છે' એ ભાવથી સૌ સેવા કરે છે તો માન નીકળી ગયું. આ બહુ મોટું પરિવર્તન થયું છે, યાદ રાખો! સત્પુરુષની આજ્ઞાથી ભગવાનને રાજી કરવા જ્યારે પ્રવૃત્તિ થાય છે ત્યારે હઠ, માન, ઈર્ષ્યાના ભાવોથી ઉપર ઊઠી કામ-ક્રોધાદિક દોષ રહિત એમ ને એમ થઈ જવાશે, એના માટે સ્પેશ્યલ સાધના નહીં કરવી પડે.

સાત્ત્વિકભાવમાં આનંદ છે, શાંતિ છે; પણ, સાત્ત્વિકભાવમાં જ્યારે કંઈ આઘુંપાછું થાય ત્યારે શાંતિ ખોરવાઈ જાય અને આનંદ પણ જતો રહે. જેમ ડહોળું પાણી ભરીને મૂક્યું હોય તો ઉપરથી પ્યૉર લાગે પણ કચરો નીચે બેઠો હોય. પાણીને હલાવો એટલે કચરો ઉપર આવે. એમ, સાત્ત્વિકભાવમાં બધું નીચે ઠરી ગયું હોય અને ઉપર સારું સારું દેખાતું હોય, પણ જ્યારે પ્રસંગ બને ત્યારે ખબર પડે. મંદિરોમાં બધાં ભેગાં થાય છે એ મોટે ભાગે સાત્ત્વિકભાવવાળાં જ ભેગાં થાય છે. સારું જીવવું જોઈએ, સારું બોલવું જોઈએ, સારું કરવું જોઈએ, ડિસિપ્લિનમાં રહેવું જોઈએ, એટિકેટમાં રહેવું જોઈએ, બહાર સારું દેખાય તેવું કરવું જોઈએ-એ બધો સાત્ત્વિકભાવ છે. એમાં સહેજ પ્રૉબ્લેમ થાય તો ખરાબ દેખાશે, ડખો થશે એમ માનીને બધા ગુસ્સે થઈ જાય. અક્ષરપુરુષોત્તમ ઉપાસનામાં સાત્ત્વિકભાવ ઉપરથી નિર્ગુણભાવ, નિર્ગુણભાવ ઉપરથી નિષ્કામભાવ-કામના રહિત થવાની વાત છે. આ જે બધાં ભક્તિ કરે છે, એની પાછળ એક જ કામના, એક જ ઇચ્છા છે કે, ગુરુઆજ્ઞાથી ભક્તિ કરવાથી મારા ઈષ્ટદેવ રાજી થાય, મારા શ્રી સ્વામિનારાયણ ભગવાન રાજી થાય. એટલે ગુરુની આજ્ઞાનું અનુસંધાન રાખીને ભગવાનને રાજી કરવા માટે જે ભક્તિ કરે છે એ ભક્તિ નિષ્કામભાવમાં લઈ જશે. પછી ઝઘડા મટી જશે. એટલે એકદમ ઍબ્સોલ્યુટ સુખ, શાંતિ ને આનંદ ભોગવવા માટેના માર્ગે આપણે ચાલ્યાં છીએ. શાસ્ત્રીજી મહારાજે આ ઉપાસના પ્રવર્તાવી એને ૧૦૦ વર્ષ ઉપર થશે. એમાં તમે બી.એ.પી.એસ. સંસ્થા, આપણી બધી સંસ્થાઓ લો-તેમાં તમને જુદું જ લાગે. કેવી રીતે જુદું લાગે ? તો ભક્તોનાં મુખારવિંદ ઉપર ઉજાસ હોય. ભગવાનને રાજી કરવાના ભાવથી જે ભક્તિ કરે, જીવન જીવે તો હઠ, માન, ઈર્ષ્યાના ભાવ

અમારો સ્વામિનારાયણ !

**સાધુ ભગવાનમાં રહે છે.**
**એમની સાથે જે જોડાય એને**
**તેઓ ભગવાનમાં જોડી**
**અહંશૂન્ય બનાવે છે.**





**ભગવાન થઈ ગયા છે,**
**થવાના છે એવું નહીં,**
**પણ ભગવાન છે છે ને છે !**
**અક્ષરપુરુષોત્તમનો સિદ્ધાંત**
**એ પ્રગટની ઉપાસના છે !**

નીકળી જાય-અંદરથી પ્યૉર થાય તો એના મુખારવિંદ ઉપર આવાં દર્શન થાય, થાય ને થાય જ. એટલે આપણા અક્ષરમુક્તો જ્યાં જાય ત્યાં જુદા તરી આવે. બધા જગતના જીવોમાં અક્ષરમુક્તો જુદા જ દેખાય. શાથી ? તો આ અક્ષરપુરુષોત્તમ ઉપાસના સમજ્યા એટલે. ભગવાન કર્તા-હર્તા છે, જે કંઈ થયું છે, થઈ રહ્યું છે અને થવાનું છે એના પ્રેરક-પ્રવર્તક મારા ભગવાન, મારા ઈષ્ટદેવ છે. તેઓ સાકાર છે અને ગુણાતીત સાધુ દ્વારા પ્રગટ છે. એવા સાધુની આજ્ઞા પાળીને નિર્દોષભાવે એટલે કે બધાય ભક્તો પ્રભુના છે-તેઓ નિર્દોષ છે, એ ભાવે એમનાં ગુણગાન ગાવ, એ ભાવે એમની સેવા કરો તો ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થતાં કામ-ક્રોધાદિક દોષ રહિત થઈ જશો અને બીજું કંઈ સાધન નહીં કરવું પડે. આવો કેટલો સરળ માર્ગ, શાસ્ત્રીજી મહારાજ-યોગીજી મહારાજે ઉપાસના દ્વારા આપણા માટે સ્થાપિત કર્યો છે ! અને એમાં પ્રવૃત્તિ આપી કે, જે પણ પ્રવૃત્તિ કરો એ ભગવાનને રાજી કરવા માટે કરો તો એ તમારો નિષ્કામ કર્મયોગ હશે. પછી ગમે તે કાર્ય કરો-એને તમે ગમે તે ટાઈટલ આપો, પણ એની પાછળનો હેતુ સત્પુરુષની આજ્ઞાથી ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો હશે.

શાસ્ત્રીજી મહારાજના વખતમાં સારંગપુર મંદિરના પાયા ખોદાતા હતા, ત્યારે બી.એ.પી.એસ.માં અત્યારે છે એટલો મેન પાવર નહોતો. એટલા બધા સાધુ પણ નહોતા. એટલે સંતો શ્રી ઠાકોરજીની સેવા કરે, રસોડાની સેવા કરે, બધાને જમાડે, સાફસૂફીની સેવા કરે. અને તોય માણસો-મજૂરોને પૈસા ના આપવા પડે એટલે સંતોને પણ શાસ્ત્રીજી મહારાજે કહ્યું, 'તમેય પાયા ખોદવા જાવ અને સેવા કરો.' શાસ્ત્રીજી મહારાજ તો બધે વિચરણમાં હોય. એક દિવસ વિચરણ કરીને સવારના સમયમાં સારંગપુર આવ્યા ને સીધા જ્યાં પાયા ખોદવાનું કામ ચાલતું હતું ત્યાં ગયા. ત્યાં બધા સંતોને જોયા પણ બે સંતોને ના જોયા એટલે એમણે પૂછ્યું કે, 'આ બે સંતો ક્યાં ગયા ?' કોઈએ કહ્યું કે, 'બાપા તેઓ તો મંદિરમાં ધ્યાન કરે છે. એ લોકો એવું કહે છે કે, આપણે તો સાધુ થયા, દીક્ષા લીધી, ભગવાનનાં ભજન-ભક્તિ કરવાનાં, આ બધાંમાં આપણે ક્યાં પડ્યા ? આ બધાં કામો કરવા આપણે ક્યાં સાધુ થયા છીએ ? આપણે તો ભગવાનની ભક્તિ કરવા સાધુ થયા છીએ. એટલે તેઓ તો ધ્યાન કરે છે.' એટલે શાસ્ત્રીજી મહારાજ તરત મંદિરમાં ગયા. એ બેઉ મંદિરમાં બેઠા હતા. શાસ્ત્રીજી મહારાજે પૂછ્યું, 'અત્યારે કોનું ધ્યાન કરો છો ? અત્યારે પાયા ખોદો એ જ તમારું ધ્યાન છે તે સમજો.' જે સમયે શ્રી રામચંદ્ર ભગવાને રાવણની સામે યુદ્ધ કર્યું ત્યારે વાનરોએ યુદ્ધભૂમિ પર ધ્યાન કર્યું હતું ? ના ! એય મારામારી, દે ધનાધન કરવા માંડ્યું તો વૈકુંઠના અધિકારી થઈ ગયાં. અર્જુનને તો યુદ્ધ જ નહોતું કરવું, ધ્યાન જ કરવું હતું તોય શ્રી કૃષ્ણ ભગવાને 'ગીતા'નો બોધ આપીને અર્જુનના હાથમાં ધનુષ્ય-બાણ આપ્યાં અને કહ્યું, 'માર બધા અસુરોને.' એટલે ભગવાન રાજી થાય એવી પ્રવૃત્તિમાં સત્પુરુષ જ્યારે જોડે ત્યારે તેમાં જોડાઈએ એ આપણી સાધના છે, યાદ રાખો !

પેલી મનમુખી સાધના થઈ. 'મનમુખી તે મહા દુખિયાં, ગુરુમુખી તે સૌ સુખિયાં.' શું સુખિયાં ? તો હઠ, માન, ઈર્ષ્યાના ભાવો ટળી જાય, કામ-ક્રોધાદિક દોષો ઓગળી જાય. જે વખતે જે પ્રવૃત્તિ શરૂ થાય એમાં તન, મન, ધન ને આત્માથી પરોવાઈ જઈએ, એમાં હોમાઈએ તો ભગવાન રાજી થાય. ભગવાન રાજી થાય તો સુખિયાં સુખિયાં સુખિયાં કરી દેશે. કોઈ વાતે ભગવાન તમને દુઃખી નહીં થવા દે. આ રહસ્ય શાસ્ત્રીજી મહારાજ-યોગીજી મહારાજે અક્ષરપુરુષોત્તમ ઉપાસના દ્વારા આપ્યું છે. એના માટે પ્રવૃત્તિ શું થાય છે તે અગત્યનું નથી, પણ કોની પ્રસન્નતા માટે થાય છે ? કોના વચને થાય છે ? એ અગત્યની વસ્તુ છે. તો આપણે એવા સંતોની આજ્ઞાથી ક્રિમેટોરિયમ, મંદિરો, સંતોનો આવાસ કે સમૈયા-ઉત્સવની ઉજવણી કરીએ, એમાં તન, મન, ધન ને આત્માથી જેટલાં સમર્પિત થઈશું, એટલાં આપણે ભગવાનની પ્રસન્નતાનાં પાત્ર બની સુખિયાં થઈશું.

કૉમ્પ્યુટર માટે ઘણાં કહેતાં હોય છે કે, જાગ્રત રહેજો, વાઈરસ આવ્યો છે. તમારા બૅન્ક ઍકાઉન્ટ ખાલી કરી નાખશે, તમારો ડેટા ડિલીટ કરી નાખશે. એ કોનાં ઍકાઉન્ટ ખાલી કરી નાખે ? તો જેનાં વીક પૉઈન્ટ હોય એનાં, પણ જે જાગ્રત હોય એમાં વાઈરસ જાય નહીં. એમ, આપણા આ બધા યુવાનોને જગતનો કોઈ વાઈરસ પેસી નહીં શકે તમે જોજો. બીજામાં વાઈરસ પેઠા હશે એય કાઢી નાખશે, એવી તાકાતવાળા થશે. ભગવાનના મંદિરમાં, પ્રભુના સાંનિધ્યમાં દીકરા-દીકરીઓ સંતોની હાજરીમાં ભક્તિ કરે છે, તો ભગવાન રાજી થશે તો એમને પ્રૉટેકશન આ આપશે. અને એમનાં થકી મોટાં મોટાં કામ ભગવાન કરાવશે. એટલે આવા યુવાનોને આપણે પ્રોત્સાહિત કરવા, સાથ આપવો. આ બધી પ્રવૃત્તિઓ ચાલે છે એમાં આપણા પક્ષે થાય એટલી મદદ કરવી.

યોગીજી મહારાજ એવું કહેતા કે, આપણે આપણા માટે ક્યાં માંગીએ છીએ ? આપણે આપણા ખિસ્સામાં ક્યાં મૂકવા છે ? આપણે ભગવાનના કાર્ય માટે વાપરવા છે, તો એ માટે માંગીશું તો આપણું માન નીકળી જશે.' કોઈ ના કહે કે અપમાન કરે તો એમના વિશે ભાવફેર નહીં કરવાનો. અમારે ત્યાં ઘણા બધા પ્રૉજેક્ટ્સ ચાલે છે. અમે સંતો શરૂઆતથી, ખિસ્સે ખાલી નીકળેલા ને મોટા મોટા પ્રૉજેક્ટ્સ ચાલે અને ઍકાઉન્ટમાં પૈસા જ ના હોય. પણ બધા સંતોએ નક્કી કર્યું કે, આ મંદિરમાં જે કોઈ આવે છે એમને ભગવાન મોકલે છે. ભગવાને મોકલ્યા છે એટલે આપણે તો ફક્ત પ્રભુના ભાવથી સેવા કરવાની, આવકાર આપવાનો, ચાંદલો કરી સ્વાગત કરવાનું. એમને ભગવાને પૈસા આપ્યા છે, તો ભગવાન તેઓને પ્રેરણા કરશે તો દાન આપશે. પણ દાન મેળવવા તેઓને ગમે તેટલું માન આપીશું પણ ભગવાન જો ના પાડશે તો તમને એક પૈસોય નહીં આપે. અને એટલે એમનામાં રહેલા ભગવાનને રાજી કરવાના ભાવથી એમનું સ્વાગત કરવું, કોઈ અપેક્ષાથી નહીં. હા, આપણને દાન આપે તો સારું, પણ ના આપે તો પ્રભુની ઈચ્છા ! એમની સેવા લેવાની પ્રભુની ઈચ્છા નહીં હોય, નો પ્રૉબ્લેમ ! ભગવાનની ઈચ્છા હશે એ થશે. આવો ભાવ રાખીને જો વર્તન કરીશું, તેઓમાં એકસરખો ભાવ રહેશે તો ભગવાન પ્રવેશ કરીને સામેથી અપાવશે.

અહીં આવે તો આપણી ફરજ છે એમની ભાવથી સેવા કરવાની, એમને આવકારવાની. એમને ભગવાને પૈસા આપેલા છે, ભગવાન એમને પ્રેરણા કરશે તો આપણને આપશે. અને અત્યાર સુધી બધાંએ એવું કર્યું જ છે. નિર્દોષભાવ રાખીને-એમના વિશે ભાવફેર ના કરો, એ આપણું આધ્યાત્મિક ઉત્થાન ! એ માન-ટળે ભાવે ભક્તિ થઈ, તો આપણું માન જાય, આપણો દોષ જાય. કામ તો થવાનું છે, પણ સાથે સાથે, આપણી સાથે જે જે ઈન્વૉલ્વ થશે, જે જે સમર્પિત થશે, જે જે સેવા કરશે, જે જે ગુણગાન ને મહિમા ગાશે અને આ કાર્યને પ્રોત્સાહિત કરશે એ સૌ ઉપર ભગવાન રાજી થતાં સૌનું આંતરિક શુદ્ધિકરણ થશે, યાદ રાખો ! જંગલમાં નહીં જવું પડે, તપશ્ચર્યા નહીં કરવી પડે. આ જ ભગવાનની પ્રસન્નતા !

જ્યારે ભગવાન પ્રગટ હોય, ભગવાનનું કાર્ય ચાલતું હોય એમાં તમે જેટલા સમર્પિત થાવ એટલા ભગવાન રાજી થાય. તને-દેહે કરીને, મને-નિર્દોષભાવે કરીને, ધને-સંપત્તિ દ્વારા, સર્વ રીતે ભગવાન સુખિયાં કરશે-એ એમનું બિરુદ છે. ભગવાન એટલે કહે છે, તન, મન, ધન અને આત્માથી સુખી કરીશ. લ્યો ! પછી કંઈ બાકી રહે આપણું? એટલે આપણે ઉત્સાહિત થઈને ભળી જઈએ. અત્યારે આપણે સુવિનિયર બહાર પાડવું છે, એની ઍડવર્ટાઈઝમેન્ટ માટે આપણાં ઓળખીતાંને કહેવું. એમની પાસેથી પરાણે નથી લેવું, પણ એમને કહેવું કે, 'આપણા સનાતન હિન્દુ ધર્મના શીખ, જૈન-સર્વ ધર્મના માનવોના અંતિમ સંસ્કાર માટે ॐ ક્રિમેટોરિયમ દ્વારા ખૂબ જ જરૂરિયાતનું આ કાર્ય છે. એ જરૂરિયાત માટે આપ સૌના સાથ-સહકારથી અનુપમ મિશને બીડું ઝડપ્યું છે તો એમાં ફૂલ નહીં તો ફૂલની પાંખડી તમારો થોડો ફાળો થાય તો સારું'-એવી આપણી વાતો કરશો. યોગીબાપા કહે, આપણે વાતો કરીએ તો પેલો સમજે કે ના સમજે પણ તમને તો મહિમા વધી જશે. આ પ્રવૃત્તિ

સત્પુરુષની આજ્ઞાથી
ભગવાનને રાજી કરવા જ્યારે પ્રવૃત્તિ થાય છે ત્યારે
હઠ, માન, ઈર્ષ્યાના ભાવોથી ઉપર ઊઠી
કામ-ક્રોધાદિક
દોષ રહિત એમ ને એમ થઈ જવાશે.





જય શ્રી સ્વામિનારાયણ !

**જ્યારે ભગવાન પ્રગટ હોય,**
**ભગવાનનું કાર્ય ચાલતું હોય એમાં**
**તમે જેટલા સમર્પિત થાવ**
**એટલા ભગવાન રાજી થાય.**

દ્વારા બે-પાંચ જણને ભક્તિની વાતો કરીશું તો આપણું ઉત્થાન થશે, યાદ રાખો ! એ આપણા માટે ફાયદો છે. અને ઍડવર્ટાઇઝમેન્ટ આપશે તો સંસ્થાને પણ ફાયદો છે, બેઉ જણને ફાયદો થવાનો છે.

તો આપણે આળસ-પ્રમાદનો ત્યાગ કરીને જુલાઈ સુધીમાં આ કાર્યક્રમમાં જેટલાં છીએ તેટલાં મંડી પડીએ તે અગત્યનું છે. ટીપે ટીપે સરોવર ભરાય. એક સાથે સામૂહિક મંડી પડીએ. આપણે હિંમત સ્વામીજી, કિરણ, પંકજ, ભૂપેન્દ્ર ને સંતોનાં સાંનિધ્યમાં સતીશભાઈ, વિનુભાઈ ને ટ્રસ્ટ કમિટીના હાથ મજબૂત કરીને ભક્તિ કરવી છે. તો એનાથી ભગવાન એટલા બધા રાજી થશે કે, આપણને પણ થશે કે, ખરેખર ભગવાન રાજી છે, રાજી છે, રાજી છે !

આજે ૧૯ તારીખ છે, અક્ષરતૃતીયા-અખાત્રીજ છે. વૈશાખ સુદી ત્રીજ-બૅસ્ટ દિવસ કહેવાય. એક ધનતેરશ, બીજો વસંતપંચમી અને ત્રીજો અખાત્રીજ-આ ત્રણ દિવસે તમે જે કંઈ મુહૂર્ત કરો, જે પણ કાર્ય કરો એ માટે આખો દિવસ શુભ કહેવાય. બાકી બીજા દિવસોમાં શુભ-અશુભ ચોઘડિયાં જોઈને માણસો વ્યવહાર કરતા હોય. એટલે આજના શ્રેષ્ઠ દિવસે આપણે નક્કી કરીએ, સંકલ્પ કરીએ. આ બે-અઢી-ત્રણ મહિના સેવા કરીશું તો આપણને અનંત વર્ષોની સેવાનું ફળ મળી જશે. જુલાઈમાં સમૈયો ઊજવવાનો છે, એમાં ફૂલ નહીં તો ફૂલની પાંખડી રૂપે આપણે સુવિનિયર દ્વારા કે બીજી કોઈ પણ રીતે સેવામાં સહભાગી તો થવું છે. સ્વયંસેવક તરીકે કે કલ્ચરલ કે કોઈ પ્રોગ્રામમાં આપણને સામેલ કરે તો એમાં કે કોઈ પણ રીતે આપણે ભાગ લેવો છે, કંઈ નહીં તો છેવટે મંદિરમાં બેસી, સૌને સેવામાં બળ મળે તે માટે ધૂન-ભજન-પ્રાર્થના કર્યા કરવી એ પણ સર્વોપરી સેવા છે. પણ પ્રેક્ષક નથી બનવું. આપણે એકેએક જણે કોઈ ને કોઈ રીતે સેવામાં જોડાવું છે. રવિવારે અહીં આવીને કંઈ કામકાજ ચાલતું હોય એમાં જોડાવું છે. ઍડવર્ટાઇઝમેન્ટ માટે ઓળખીતાં-પારખીતાંઓને કહેવું છે.

જેમનાં ઘરે લગ્ન હોય, તેઓ વિન્ટરમાં બધાં ભારત આવે. એમને પૂછીએ કે કેમ આવ્યાં ? તો કહે, વૈશાખ મહિનામાં લગ્ન લેવાનું છે એનું શૉપિંગ કરવા આવ્યાં છીએ. ૬ મહિના પહેલાંથી શરૂઆત કરે. આમંત્રણ પત્રિકા લખવાની, બધાંને મળવાનું, બધાંને આમંત્રણ આપવાનું, શૉપિંગ કરવાનું, વાડી નક્કી કરવાની, વાજાંવાળાને નક્કી કરવાનાં, ગોર મહારાજને નક્કી કરવાના, હારવાળાને નક્કી કરવાના, રસોઈવાળાને નક્કી કરવાના, પીરસનારા નક્કી કરવાના. એમાં કેટલાંય ડિપાર્ટમૅન્ટ્સ કામ કરતાં હોય-તો આપણે ત્યાં તો બહુ મોટું લગન છે. આપણું આ કુટુંબ કહેવાય. આ બધાં બેઠાં છે એ બધાં કુટુંબીજનો છે. તો મારી પ્રાર્થના છે કે, દરેક જણ એક એક કામમાં સામેલ થઈને સેવા કરીએ. કામ કરનારા પ્રભુ છે, પણ નિમિત્ત આપણે બનીશું તો એના ફળસ્વરૂપે એમની પ્રસન્નતા આપણા પર વરસશે. જેને લીધે આંતરિક જે દુઃખ છે, આપણી આંતરિક જે તકલીફો છે એ આપોઆપ ભગવાન સુધારી દેશે, સુધારવા માટે પ્રાર્થના નહીં કરવી પડે. એટલે ભગવાન એક વાક્ય બોલતા-'તમે અમારી જકરમાં તો અમે તમારી ફિકરમાં.' તમે અમારા થઈને જીવન જીવશો, અમારી પ્રવૃત્તિમાં કામ કરવાની તમે ચિંતા કરશો તો તમારી ચિંતા અમે કરીશું. અને ભગવાન જ્યારે આપણી ચિંતા કરે તો કોઈ દુઃખ, તકલીફ આપણી રહેશે નહીં; અને આવું જીવન જીવવાની આપણને આ તક છે.

આપણો અનુપમ મિશન પરિવારનો સમૈયો છે, આપણા ઘરનો સમૈયો છે એવું માનીને આપણે એમાં તન, મન, ધન ને આત્માથી જે પક્ષે આપણી સેવા કરવાની આવે એ અહોહોભાવે, આનંદપૂર્વક, કોઈ પણ પ્રકારની અપેક્ષા રાખ્યા વગર કરીશું તો આપણને ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થતાં, ના ઓગળે એવી અને દુઃખી કરાવે, અશાંત કરે, આનંદ લઈ જાય એવી આપણી બધી કણીઓ ઓગળી જશે, સુખિયાં સુખિયાં કરી દેશે. એ કરવાનું મને-તમને-સર્વને ખૂબ બળ મળે એવી પ્રાર્થના !

જય શ્રી સ્વામિનારાયણ ! ◆







# સાધુ હૃદયની પ્રાર્થનાગંગા

## હે યોગીબાપા !

આપે અમને સ્વીકાર્યા... પોતાના કર્યા !
આપે અમારા પૂર્વના શ્રીજી–સ્વામીના સંબંધ જોયા,
આપે શ્રીજી સ્વામીએ વરદાન દીધાં હતાં તે જોયાં
આપે તે વરદાન સાકાર કરવા સંકલ્પ કર્યા.
આપે અમ આતમે વસ્યા શ્રીજી તેનો મહિમા કર્યો !
આપે સ્વામીએ અમને ભણાવેલી બ્રહ્મવિદ્યા તેનું જાણપણું દીધું.
આપે અમને સાધુ કરવાના કોલ દીધા.
આપે અમારાં હૃદય ભગવાં કરવાનાં વરદાન દીધાં !
આપે અમને હેત કીધાં ને જગતની આસક્તિ ટાળી,
આપે અમ પાસે સેવા કરાવી અમારી ઇંદ્રિયો શુદ્ધ કરી.
આપે ભજન પ્રાર્થના કરાવી અંતર પવિત્ર કર્યાં.
આપે સંબંધીમાત્રનો મહિમા સમજી સેવા કરવા બળ દીધાં.
આપે સર્વ ભક્તોનાં માહાત્મ્ય ગાયાં ને સૌમાં રસબસ કર્યા.
આપે સૌ ભક્તોમાં નિર્દોષભાવ દૃઢ કરાવ્યો,
આપે સૌ સંબંધીને માથાના મુગટ મનાવ્યા.
આપનો દેહ અંતર્ધાન ભલે થયો... પણ,
આપ પ્રગટ સ્વરૂપે સાહેબજીમાં અમારી સાથે રહ્યા...
અને પૂર્ણ પ્રાપ્તિ પ્રતિ સદા દોરતા રહ્યા...!
આજે પણ આપ સાહેબજીમાં પ્રત્યક્ષ પ્રગટ છો.
આજે તેઓ અમને હેત કરે...
આપનાં સંબંધીની સેવા કરવા શક્તિ દેતા રહે,
સૌને નિર્દોષ મનાવતા રહે ને સહજાનંદે ભરતા રહે,
પોતાના સ્વરૂપે જોડે ને આપના સ્વરૂપમાં અમારાં બંધન દૃઢ કરે.
સાહેબજી મળ્યા છે તે આપ જ મળ્યા તે પ્રતીતિ દૃઢ છે.
આપને રાજી કરતા તેમ સાહેબજીને રાજી કરવા અમારા નિર્ધાર છે.
તેઓના સ્વરૂપે રહી અમારી સર્વ કસર ટાળશો જ તે શ્રદ્ધા છે.
અમને સૌને તેઓના સ્વરૂપમાં એકાકાર કરશો તે વિશ્વાસ છે.

## હે દયાળુ બાપા !

આપે અમને સર્વોપરી પ્રાપ્તિ કરાવવા સ્વીકાર્યા.
આપે અમને તે સાધના પૂર્ણ કરાવવા સાહેબજીને સોંપ્યા.
અમને શ્રીજી પ્રતિ અમારો જે દિવ્યભાવ,
અમને સ્વામી સાથે જે સંબંધનો ભાવ,
અમને આપ પ્રતિ જે પ્રેમલ પરમભાવ,
તે સાહેબજીને વિશે આપે કરાવ્યો છે...
તેનો આજે અહોભાવ કરીએ છીએ.
આપના ચરણે અનંત કોટિ વંદન ધરીએ છીએ.
તે પરમ દિવ્યભાવ સાથે...
આપના પ્રાગટ્યના મહાપર્વે
આપે અમને મંત્રદીક્ષા દીધી તે અહોહો પર્વે
અમને દાસત્વે રહી આપની ભક્તિ કરવા
શ્રીજી સ્વામીને રાજી કરવા
સાહેબજીમાં ઓગળી જવા
શક્તિ અને સામર્થી દો...!!! ◆



સાધુ શાન્તિદાસના જય સ્વામિનારાયણ.
૨૪ માર્ચ ૨૦૧૭, બ્રહ્મજ્યોતિ
યોગીબાપાની સ્મૃતિમાં સરી જતાં ભાવ ઉભર્યા તેમાંથી અંશરૂપ આલેખ્યા.



# અનુપમની હે અમૃતધારા...!

**~ સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા**

'શિક્ષાપત્રી' જયંતી, પ.પૂ. શાસ્ત્રીજી મહારાજ જયંતી પૂર્વે સભામાં માહાત્મ્યગાન
૨૨ જાન્યુઆરી ૨૦૨૬, 'અક્ષરમહોલ', તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી.

**આવતી** કાલે ૨૩મી તારીખનો મુખ્ય કાર્યક્રમ તો કીર્તનસંધ્યા -કીર્તનભક્તિનો હોય ! એ કીર્તનસંધ્યાના મુખ્ય કાર્યક્રમમાં શાસ્ત્રીજી મહારાજની અને યોગીજી મહારાજની વાત આપણાં સૌનાંય ધ્યાનમાં રહે અને એના પરમ તત્ત્વના ધારક, વાહક એવા પ્રગટ ગુરુહરિ સાહેબદાદા આપણને વર્તમાનકાળે જે પ્રાપ્ત થયા છે તેમનો પણ મહિમા સમજાય, તેમના સ્વરૂપને વિશે દિવ્યભાવ અને નિર્દોષભાવ વધુ ને વધુ દૃઢ થાય તેવી પ્રાર્થના કરવાનું આ મહા પર્વ છે.

શાસ્ત્રીજી મહારાજના જીવનપ્રસંગો અને એમના માહાત્મ્યની વાતોનું દાસ રસિકે રચેલું કીર્તન 'અક્ષરધામથી મહા એકાંતિક અવનિ ઉપર આવ્યા...' ગવાયું. શાસ્ત્રીજી મહારાજ શ્રી લક્ષ્મીનારાયણ દેવની ગાદીના આચાર્ય મહારાજ પાસે દીક્ષિત થયેલા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ ! એમના જીવનની તપશ્ચર્યા અને નિયમપાલનની અડગતાની વાતો ઉપરથી એમના જીવનના ત્રણ સિદ્ધાંતોને લેખકોએ તારવ્યા છે : તેમાં એક વાત આવતી નિયમની, બીજી વાત આવતી નિશ્ચયની અને ત્રીજી વાત આવતી ભગવાનના ભક્તનો પક્ષ રાખવાની. એ મુદ્દાની વાતો શ્રી સ્વામિનારાયણ ભગવાને 'વચનામૃત'માં તો કહી જ છે, પણ જીવન-આચરણમાં ચરિતાર્થ કરીને શાસ્ત્રીજી મહારાજે એનું દર્શન કરાવ્યું છે.

અમારા સમયમાં સત્સંગસભાઓમાં અમે સાંભળેલું કે, શાસ્ત્રીજી મહારાજ એટલે નિયમ, નિશ્ચય અને પક્ષ ! અને યોગીજી મહારાજ એટલે સંપ, સુહૃદભાવ ને એકતા ! આવી એમની જીવનશૈલીનું સૂત્રાત્મક વર્ણન આપણી મર્યાદિત બુદ્ધિ, શક્તિ દ્વારા કરવામાં આવે છે. પણ શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની ઉપાસનાનો સિદ્ધાંત સામાન્ય વ્યક્તિ માટે પણ સુલભ કર્યો અને એના માટે તેમણે પોતે જે તપશ્ચર્યા કરી, દુઃખો, કષ્ટો ને અપમાનો સહન કર્યાં; એનો ઈતિહાસ એ પણ શાસ્ત્રીજી મહારાજના જીવનનો ઈતિહાસ કહેવાય. પણ આપણાં સૌ ઉપર એમનું બહુ મોટું ઋણ અને ઉપકાર કે, આજે આપણે શાંતિથી આ સિદ્ધાંતને સારી રીતે સમજીને પ્રગટ સત્પુરુષની રુચિ, અભિપ્રાય અને આજ્ઞા પ્રમાણે જીવન જીવવાની થોડી ઘણી પણ રુચિ રાખીને પ્રૅક્ટિસ કરીએ છીએ તો એ વાતનું મહત્ત્વ, એનું ઊંડાણ અને એની ઊંચાઈ આપણને સમજાતાં જાય છે.

શાસ્ત્રીજી મહારાજના જીવનના ઘણા પ્રસંગોમાંનો એક સુવર્ણ પ્રતિમાનો પ્રસંગ કહીએ. નડિયાદના એક બહુ જ જ્ઞાની, 'વચનામૃત'ના, શ્રી સ્વામિનારાયણ ભગવાનના જીવનના અને ઉપદેશના અઠંગ ઉપાસક એવા ભક્ત દોલતરામભાઈ સાથે જ્યારે શાસ્ત્રીજી મહારાજે વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવની ગાદીમાંથી નીકળીને શ્રી અક્ષરપુરુષોત્તમની ઉપાસના માટે શાસ્ત્રમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને કહ્યું હોય, આપણી વૈદિક પરંપરા પ્રમાણે એ ઉપાસના સૈદ્ધાંતિક હોય-એ સમજાવવા માટે શાસ્ત્રાર્થ કર્યો. શાસ્ત્રીજી મહારાજે પોતે સંસ્કૃતમાં અભ્યાસ કરી 'શાસ્ત્રી'ની પદવી પ્રાપ્ત કરી હતી. ભગવાનનો અવિચળ-અચળ નિશ્ચય એટલે કે ઉપાસના ! પોતાના ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અને એમનો જે સિદ્ધાંત, એમનો મત, અભિપ્રાય અને શાસ્ત્રોમાં છૂપી ભાષામાં લખાયેલો જે ગૂઢ અર્થ-એને છતો કરીને, સરળ રીતે સમજાવીને જ્યારે દોલતરામભાઈની આગળ શાસ્ત્રીજી મહારાજે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતની વાત કરી ત્યારે મહાજ્ઞાની, પંડિત

ને સંપ્રદાયના આશ્રિત એવા દોલતરામભાઈ ઉલ્લાસપૂર્વક પોતાના હૃદયના ઉદ્‌ગારો કાઢે છે કે, "વાહ! શાસ્ત્રીજી મહારાજ આ જે સિદ્ધાંત કહે છે એ જ્યારે પ્રવર્તમાન થશે, એમના શિષ્યો એને જ્યારે સમજશે ત્યારે એમના શિષ્યો એમના પ્રત્યે માન, આદર અને ભક્તિનો ભાવ દર્શાવવા માટે એમની સુવર્ણની પ્રતિમા પધરાવશે." પણ ત્યારે તો શાસ્ત્રીજી મહારાજના સમયની દાણા, પાણા, માણાની અછતની જે વાતો આપણે વર્ષોથી સાંભળતા આવ્યા છીએ એવી જ સ્થિતિમાં તેઓ રખડતા-રઝળતા હતા. નાના અડધ-ગામડી વડથી આણંદ સ્ટેશને ચાલતા જતા અને ચાલતા પાછા આવતા અને ટ્રેઈનની ટિકિટ માટે કોઈ ભક્તના ભાવની આશા કરીને બેસતા.

કેટલાંય વર્ષો પછી જ્યારે એમની સુવર્ણ પ્રતિમા પધરાવવાનો સમય આવ્યો ત્યારે ગુરુહરિ સાહેબદાદાએ પોતાનો વૈભવ, પ્રતાપ કે પ્રભાવ બતાવવા કે વધારવા માટે નહીં, પણ ઉલ્લાસરામભાઈએ શાસ્ત્રીજી મહારાજ માટે જે ઉક્તિ કરી હતી કે, 'તમારો ખરેખરો મહિમા સમજાશે તો તમારા ભક્તો જે શ્રેષ્ઠ ને કિંમતી ધાતુ છે એ સોનાની તમારી મૂર્તિ પધરાવશે.' એટલે કે, એમને તમારી અને તમે આપેલા ઉપાસનાના આ પરમ જ્ઞાનની કિંમત સમજાશે ને એનાં રૂડાં પરિણામો આપણને જોવા મળશે. એને યાદ રાખીને પ્રગટ ગુરુહરિ સાહેબદાદાએ પ્રતીકાત્મક રીતે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની સુવર્ણ પ્રતિમા આ મંદિરમાં પધરાવી છે અને એનાં દર્શન કરવાને માટે આપણે ભાગ્યશાળી બન્યાં છીએ એ આપણા જીવનકાળનો બહુ મોટો ને મહત્ત્વનો ભાગ છે.

મને કહેતાં આનંદ થાય છે કે, શાસ્ત્રીજી મહારાજની જન્મશતાબ્દી જ્યારે ૧૯૬૫માં ફેબ્રુઆરીની ૩-૪-૫મી તારીખે ઉજવાઈ ત્યારે વલ્લભવિદ્યાનગરમાંથી ૨૫૦ સ્વયંસેવકો લઈને આવવાની યોગીબાપાએ જશુભાઈને જે આજ્ઞા કરેલી, એમાં મારો, રતિકાકાનો, હર્ષદદાદાનો અને અંબુકાકાનો નંબર લાગેલો. એ અમારા જીવનની સ્મૃતિ છે અને ત્યારે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને પોતાના ગુરુદેવની જન્મશતાબ્દી ઊજવવાનો ખૂબ જ ઉમંગ હતો, ખૂબ જ હોંશ હતી. અમે તો અમારા જીવનકાળ દરમિયાન ભગવાન શ્રી સ્વામિનારાયણની દ્વિશતાબ્દી, ગુણાતીતાનંદ સ્વામીજીની દ્વિશતાબ્દી, શાસ્ત્રીજી મહારાજની શતાબ્દી, યોગીજી મહારાજની શતાબ્દી, પ્રમુખ સ્વામી મહારાજની શતાબ્દી અને આવતીકાલે 'શિક્ષાપત્રી'ની દ્વિશતાબ્દી - કેટલી બધી દ્વિશતાબ્દી અને શતાબ્દીઓ ઊજવી ! જેનો મહિમા સમજતાં આપણને હજુ ૨૦૦ વર્ષ લાગશે, એવા 'શિક્ષાપત્રી' ગ્રંથનો પણ આપણને ઘણો મહિમા છે.

ગુરુહરિ સાહેબદાદા સાથે મારે એક વખત એક કાર્યક્રમ નિમિત્તે માણાવદર જવાનું થયું હતું. ત્યારે પોતાના હૃદયને વિશે જેમનું ઊંચું સ્થાન છે એવા શાસ્ત્રીજી મહારાજના કીર્તન ઉપર માણાવદરના બાલિકા મંડળે નૃત્ય કર્યું, એ જોઈને સાહેબદાદા ખૂબ જ આનંદિત થયા હતા. શાસ્ત્રીજી મહારાજના મહિમાની વાત આજની આપણી ઊછરતી યુવાન પેઢીનાં દીકરા-દીકરીઓ, કિશોર-કિશોરીઓમાં જોઈને સાહેબદાદાએ ખૂબ પ્રસન્નતા વરસાવી અને ખૂબ જ રાજી થઈ ગયા. ત્યારે કલ્પના નહોતી કે, મોટા પુરુષ આટલા બધા અઢળક ઢળી પડે. અને એ પણ ખબર નહોતી કે આવું કીર્તન ગાશે ને આવી વાત કરશે. પણ મૂળભૂત ઉપાસનાનો પાયો અને આપણને ઉપાસના આપનારા એ મૂળ પુરુષ પ્રત્યેની ભક્તિ, એમના પ્રત્યેનો ઋણસ્વીકાર અને માહાત્મ્ય જ્યારે સાહેબદાદાના હૃદયમાં છલકાતાં હોય ત્યારે એ જ ઉપાસનાના ધારક અને વાહક પ્રગટ ગુરુહરિ સાહેબદાદા કેટલી બધી પ્રસન્નતા દર્શાવે છે ! આવા બધા પ્રસંગો, એની પાછળનો મૂળભૂત સિદ્ધાંત અને મોટા પુરુષની પ્રસન્નતા અને રાજીપો, જે આપણા રોજના જીવનમાં બનતા હોય છે, એ આપણને એમનું માહાત્મ્ય દિન-પ્રતિદિન વધારે છે. એવા શાસ્ત્રીજી મહારાજના જીવનના અનેક પ્રસંગો છે.

બીજો એક પ્રસંગ તાજો કરીએ. બ્ર.સ્વ. યોગીજી મહારાજે મહેળાવમાં શાસ્ત્રીજી મહારાજના પ્રાગટ્યદિને એમના જન્મસ્થાનની જગ્યાએ જ્યારે શાસ્ત્રીજી મહારાજની આરસની પ્રતિમા પધરાવી, ત્યારે પણ સ્વયંસેવક યુવાનો તરીકે અમારે ગુરુહરિ સાહેબદાદા સાથે જવાનું થયું હતું. તે દિવસે યોગીજી મહારાજે સંખ્યા આપી હતી કે, '૫૧ સૂટ-બૂટ પહેરેલા યુવાનોને લઈને આવજો.' હું આ બધી વાતનો ઉલ્લેખ એટલા માટે કરું છું કે, પ્રત્યક્ષ રીતે અમે આ અનુભવેલું છે કે, પોતાના ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની વાત આવે ત્યારે યોગીબાપાનું હૃદય કેવું ગદ્‌ગદિત થઈ જતું! ત્યારે સાહેબદાદાની આગેવાની હેઠળ અમે વલ્લભવિદ્યાનગરથી કૉલેજમાં અભ્યાસ કરતા ૫૧ યુવાનો એમની સાથે ગયેલા અને શાસ્ત્રીજી મહારાજની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠાનાં અદ્‌ભુત દર્શનનો લહાવો પ્રાપ્ત થયેલો.

શાસ્ત્રીજી મહારાજના પ્રાગટ્યસ્થાન ઉપર બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે એમની મૂર્તિ સમક્ષ જે પ્રાર્થના કરી છે, એ પ્રાર્થના આપણા જીવનનું ભાથું બની ગયું છે. જ્યારે જ્યારે પણ ભગવાન પાસે કંઈ કહેવાનું, માંગવાનું, બોલવાનું મન થાય તો આપણે શબ્દો શોધવા ના પડે એવા શબ્દોના માધ્યમ દ્વારા યોગીબાપાએ શાસ્ત્રીજી મહારાજ સમક્ષ બેસીને પ્રાર્થના કરી છે ! ને એ પ્રાર્થના આપણી રોજની મહાપૂજા સાથે વણી લઈને, પ્રભુને, ગુરુને કેવા માનવા અને એમની પાસે શું માંગવું એનું અદ્‌ભુત શિક્ષણ આપણને આપ્યું છે.


શાસ્ત્રીજી મહારાજની, ગુરુપરંપરાની ઘણી બધી વાતો થાય; પણ, છેલ્લી વાત કરું તો, શાસ્ત્રીજી મહારાજ એ ચરોતરના પટેલ એટલે સિદ્ધાંતની બાબતમાં ખૂબ શૂરવીર હતા. પોતે એનું પાલન કરતા અને અન્ય ભક્તોનાં હૃદયમાં પણ એ ભાવ દૃઢ થાય એ માટે તેઓ રાત-દિવસ મંડ્યા રહેતા. એવા શાસ્ત્રીજી મહારાજને ભગવાનના પરમ તત્ત્વ અને અક્ષરપુરુષોત્તમની ઉપાસના-સદા દિવ્ય, સાકાર, પ્રગટ અને પ્રત્યક્ષ સ્વરૂપે મને વર્તમાનકાળે પ્રાપ્ત થઈ છે એ વાત જ્યારે એમના ગુરુ ભગતજી મહારાજને વિશે મનાઈ, ત્યારે દોઢસો વર્ષ જૂના સમયના સ્વામિનારાયણ સંપ્રદાયની શ્રી લક્ષ્મીનારાયણ દેવની ગાદીની મર્યાદામાં સાધુઓ કોઈ ગૃહસ્થ એકાંતિક ભક્તને દંડવત્ કરે એ પણ કોઈ કબૂલ નહોતું કરતું અને સાધુએ એક હરિભગતને દંડવત્ કરવાના હોય ? એ માન્યતામાં તે સમયનો સત્સંગી સમાજ જીવી રહ્યો હતો અને સાધુઓની પણ એ જ માન્યતા હતી; ત્યારે ગુરુ તરીકે ભગતજી મહારાજનો સ્વીકાર કરીને ભરસભામાં કે જાહેર કાર્યક્રમોમાં જ્યાં પણ ગુરુનો મેળાપ થાય ત્યાં શાસ્ત્રીજી મહારાજ એમને દંડવત્ પ્રણામ કરતા-એ એમની ભગવાનના સ્વરૂપને માટેની જે નિષ્ઠા અને પોતે જે માને છે એ પ્રમાણે જ પોતે જીવે છે ને વર્તે છે એવી એમની દૃઢતા અને નિયમ-નિશ્ચય અને પક્ષનો એમનો સિદ્ધાંત હતો ! શ્રી સ્વામિનારાયણ ભગવાને 'વચનામૃત'માં શબ્દો વાપર્યા છે કે, 'ભગવાનના ભક્તનો પક્ષ રાખતાં આબરૂ વધો કે ઘટો...' અને અહીં તો સંપ્રદાયની મર્યાદા પ્રમાણે 'શાસ્ત્રી'ની કક્ષાના આવા મોટા મંડળધારી સાધુ જ્યારે ભગતજી મહારાજને દંડવત્ કરે ત્યારે આબરૂ વધે નહીં, આબરૂ ઘટે. કેટલાંય લોકો એમની ટીકા કરે, કોઈ એમને રોકે ને ટોકે; પણ ત્યારે એમણે પોતાના સિદ્ધાંતને મુખ્ય રાખ્યો. શાસ્ત્રીજી મહારાજ-શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના ગુરુ ભગતજી મહારાજ છે એ આજે તો બહુ સીધું, સરળ ને સહજ રીતે સ્થાપિત થયેલું છે, અને ગુરુપરંપરા પ્રમાણે આપણે એમની મૂર્તિઓ પણ સ્થાપી છે. શાસ્ત્રીજી મહારાજને પ્રગટ ગુરુહરિનો મહિમા સમજનાર, સમજાવનાર, વધારનાર, પ્રવર્તાવનાર એ બધાં ઉપનામ આપી શકાય તેમ છે કે જેને આપણે અક્ષરપુરુષોત્તમની ઉપાસના અને સિદ્ધાંતના માધ્યમની વાત કરીએ છીએ.

યોગીજી મહારાજે એમાં ખૂબ બળ પૂર્યું. એમણે શાસ્ત્રીજી મહારાજની જન્મશતાબ્દી ઊજવવાનો ખૂબ ઉમંગ હતો. શાસ્ત્રીજી મહારાજની જન્મશતાબ્દી ઊજવતાં પહેલાં યોગીજી મહારાજે અટલાદરા પ્રદેશમાં ગામડે ગામડે વિચરણ કરેલું. અને ત્યારે મને એ ગામડાંઓમાં યોગીબાપાની સેવામાં રહેવાનો લાભ પ્રાપ્ત થયેલો. ત્યારે યોગીબાપા શાસ્ત્રીજી મહારાજના મહિમાની ખૂબ વાતો કરતા. ફરતા ફરતા તેઓ વાસણાથી સોખડા આવ્યા ને સોખડાથી તેઓ અટલાદરા પધાર્યા-એ પ્રવાસ દરમિયાન ગુરુહરિ સાહેબદાદા પણ સાથે હતા. શ્રી અક્ષરપુરુષોત્તમના સિદ્ધાંતની વાતનો આવો વારસો આપી ગયેલા પોતાના ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજને જેવો ભાવ પોતાના ગુરુ ભગતજી મહારાજને માટે હતો, એવો છલકાતો ભાવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનો અમે શાસ્ત્રીજી મહારાજને વિશે જોયો હતો. અને એના પરિણામે અટલાદરામાં જ્યારે ૧૯૬૫માં શાસ્ત્રીજી મહારાજની જન્મશતાબ્દી ઊજવાઈ ત્યારે મારી યાદગીરી પ્રમાણે બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થાના જાહેર કાર્યક્રમમાંનો એ પ્રથમ કાર્યક્રમ હતો કે, જેમાં એક લાખથી વધારે હરિભક્તોની હાજરી હતી. અને એ સભામાં યુવાનેતા તરીકે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે જશભાઈને પસંદ કરીને મહિમા ને ગુણગાન ગાવાની આજ્ઞા કરી હતી.

૧૯૬૫માં ફેબ્રુઆરી માસની એ પાંચ-છ તારીખે બી.એ.પી.એસ.ની આટલી મોટી સંસ્થામાં, આટલી મોટી સંખ્યાના ભક્તોમાં યુવાનેતા તરીકે સાહેબદાદાનું પ્રથમ એવું પ્રવચન થયું હતું. ત્યારે અમારું મંડળ 'શ્રી અક્ષરપુરુષોત્તમ યુવક મંડળ-વલ્લભ-વિદ્યાનગર'ના નામથી પ્રખ્યાત હતું. એટલે યોગીબાપાએ ત્યારે એમ કહ્યું કે, 'યુવકમંડળની વાત જશુભાઈ કરશે.' અને ત્યારે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના મહિમાની વાતો સાહેબદાદાએ કહેલી. તે દિવસનો સાહેબનો પ્રભાવ, પડઘો, એમની વાત કરવાની છટા અને એક ઉપર બીજો શબ્દ ચઢી જાય એટલી ઝડપથી ને એવું જોશભેર બોલે કે જાણે થોડા સમયમાં ઘણું બધું કહી દઉં એવો જુસ્સો એમની વાણીમાં તે વખતે અમે ગુરુસભામાં પણ અનુભવેલો અને શાસ્ત્રીજી મહારાજની શતાબ્દીની સભામાં પણ અનુભવેલો. સાહેબનું પ્રવચન પૂરું થયું એટલે મુખ્ય મહેમાન તરીકે શ્રી ગુલઝારીલાલ નંદા કે જેઓ ત્યારે હોમ મિનિસ્ટર હતા, તેઓએ બાજુમાં બેઠા હતા એમને પૂછ્યું કે, 'આ પ્રવચન કરીને ગયો એ યુવાન કોણ છે ? એને બોલાવો.' કેમ આટલા જુસ્સાથી બોલે છે ? કે કંઈ પણ આશ્ચર્ય એમને થયું હશે. એટલે સાહેબને સભામાંથી પાછા સ્ટેજ ઉપર બોલાવીને નંદાસાહેબ સાથે તેઓને એકબીજાના ઓળખાણ અને પરિચય થયા. એ બે જણાએ શી વાતો કરી એ ખબર નથી, પણ સાહેબદાદાએ પ્રવચનમાં જે વાત કરી હતી તે શાસ્ત્રીજી મહારાજની હતી, યોગીજી મહારાજની હતી, શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતની હતી.

ગુરુહરિ સાહેબદાદા આપણને આશીર્વાદ આપે ને આપણને સૌનેય આવું જ બળ પૂરે એવી એમના શ્રીચરણોમાં મંગલ પ્રાર્થના કરીએ.

સર્વને ભાવભર્યા જય શ્રી સ્વામિનારાયણ ! ◆



# બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ

~ નિધિ હરેશભાઈ કામળિયા (B.Com. Sem.-06)
યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારી.

**સંવત** ૧૯૪૮ વૈશાખ વદ બારશના રોજ કાઠિયાવાડના અમરેલી જિલ્લાના ધારી શહેરમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનો જન્મ થયો હતો. તેમનાં માતાનું નામ પૂ. પુરીબાઈ તથા પિતાનું નામ પૂ. દેવચંદભાઈ હતું. પૂ. દેવચંદભાઈના દાદા પૂ. જેઠાભગત શ્રીજી મહારાજના કૃપાપાત્ર ભક્ત હતા. શ્રી યોગીજી મહારાજનો જન્મ થયો ત્યારે તેમને સૌ કોઈ વહાલથી 'ઝીણાભાઈ' નામથી બોલાવતા. 'ઝીણો' સૌ કોઈને વહાલો લાગે.

**ઝીણાભાઈના પ્રસંગો :**

*** તેજસ્વી બાળક :** જ્યારે ઝીણાભાઈ નાના હતા ત્યારે તેમનાં માતા પુરીબાઈ, કાલાં વીણવા તેમને સાથે લઈ જતા. ગામની અન્ય સ્ત્રીઓ પણ તેમની સાથે ખેતરમાં જાય અને પોતાનાં બાળકોને સાથે લઈ જાય. બધી સ્ત્રીઓ પોતાનાં બાળકોને ઝાડની છાંયામાં સુવડાવી કાલાં વીણે. બાળકો તેમની માતાને ન જુએ એટલે રડવા લાગે. ત્યારે ખેતરના માલિક બધી સ્ત્રીઓ પર ગુસ્સે થાય અને કહે, 'આ તમારા રોતલ છોકરાઓને લઈને શા માટે ખેતરમાં આવો છો ?' પણ, ઝીણાની માતાને ક્યારેય વઢે નહીં કે ગાળો દે નહીં, ખેતરના માલિક કહે, 'આ ઝીણો જુઓ, ક્યારેય રડે નહીં, શ્રી કૃષ્ણ ભગવાનની જેમ જમણા પગનો અંગૂઠો ચૂસ્યા જ કરે છે. આ ઝીણો કોઈ ચમત્કારિક બાળક છે. પુરીબાઈ, જ્યારે તે મોટો થશે ત્યારે સૌ કોઈ ઝીણાને નમશે.'

*** ઝીણાભાઈની સત્યતા :** ઝીણાભાઈ પાંચમા ધોરણમાં ભણતા ત્યારે શાળાના હેડમાસ્તર ત્રિભોવનદાસ હતા. તેઓમાં ક્રોધ ખૂબ જ હતો. તેમણે એકવાર ચંદુ નામના છોકરાને વગર વાંકે મૂઢ માર માર્યો અને ચંદુ મૃત્યુ પામ્યો. ત્યારે ઝીણાભાઈ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરે. જ્યારે ચંદુના પિતાએ વડા અધિકારીને અરજી કરી અને વડા અધિકારીએ બધા વિદ્યાર્થીઓને પૂછપરછ કરી તો બધા વિદ્યાર્થીઓ ડરના કારણે દૂર જતા રહે, પરંતુ ઝીણાભાઈએ ચંદુની સત્યઘટના વડા અધિકારીને સ્પષ્ટ રીતે કહી. તેઓ કહેતા કે, 'સાચું બોલવામાં બીક શાની ?' અને વડા અધિકારીને કહ્યું કે, 'ચંદુને હેડમાસ્તરે વગર વાંકે મૂઢ માર માર્યો છે.' વડા અધિકારીને ઝીણાભાઈના કપાળ પર ચાંદલો અને મુખ પર નિખાલસતા જોઈને આ વાત સત્ય લાગી. અને હેડમાસ્તરને બરતરફ કરવામાં આવ્યા તેમજ ઝીણાભાઈને સત્ય વાત કહેવા બદલ ઈનામ આપવામાં આવ્યું.

ઝીણાભાઈ સ્કૂલમાં ભણવામાં ખૂબ જ હોશિયાર. 'ધૂળી' નિશાળમાં ભણતા, પ્રથમ નંબર લાવતા અને ઈનામો ખૂબ પ્રાપ્ત કર્યાં હતાં. અમુક ઠોઠ નિશાળિયા ઝીણાભાઈની બાજુમાં બેસે અને આંખ કાઢીને કહે, 'લખી લે ઝીણા પછી અમને તારી પાટીમાંથી જવાબ કહેજે.' જ્યારે શિક્ષક વર્ગમાં આવે ને દાખલા ગણાવે ત્યારે ઝીણાભાઈ તો ઘડીકમાં દાખલો ગણી પાટી ઊંધી વાળી દે. ઠોઠ નિશાળિયા વિદ્યાર્થીઓ પૂછે કે, 'એ ઝીણા ! તારા લેખામાં શું આવ્યું ?' ત્યારે ઝીણાભાઈ કશું બોલે નહીં, ચૂપચાપ બેસી રહે. અમુક ઠોઠ નિશાળિયા કહે, 'ઝીણા તારી પાટી બતાવ નહીં તો મારીશું.' ત્યારે ઝીણાભાઈ કહે, 'જો મારું ખોટું હશે તો તમારું પણ ખોટું પડશે.' આમ, ઝીણાભાઈમાં ખૂબ જ દૃઢતા અને સત્યતા રહેલી એટલે તેઓ ક્યારેય પણ કોઈને ચોરી કરાવે પણ નહીં અને જેઓ ચોરી કરે તો તેને ચોરી ન કરવા માટે સમજાવતા. ઝીણાભાઈ કહેતા કે, 'જો ચોરી કરીએ તો ભગવાનને છેતર્યા કહેવાય.'

*** ધ્યાનમગ્ન ઝીણાભાઈ :** ઝીણાભાઈ ધૂળી નિશાળમાં ભણતા ત્યારે રિસેસમાં વડલાના છાંયડે બેસી શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ધ્યાન કરતા. પોતાના મિત્રો રમવા બોલાવે ત્યારે રમવા ન જતા. ધ્યાનમાં શ્રીજી મહારાજનાં દર્શન કરતા. શાળાના શિક્ષકો પણ ઝીણાભાઈને ધ્યાનમાં જોઈને આશ્ચર્ય અનુભવતા. જ્યારે ઝીણાભાઈ ધ્યાનમાંથી જાગે ત્યારે શિક્ષકો કહેતા કે, 'ઝીણા સાધુ થવું છે ?' ત્યારે ઝીણાભાઈ હસીને કહેતા કે, 'હા, સાધુ થઈશું ને !'

ધારી ગામે શેત્રુંજી નદીના કિનારે ત્રણ નદીઓ ભેગી થાય છે, તેને ત્રિવેણી સંગમ કહેવાય છે. એ નદી પુલ પાસે પહોંચતાં સાંકડી બની જાય છે, જેને ધારી ગામના લોકો 'પાતાળિયો ઝરો' કહે છે. ત્યાં રોજ સવારે ઝીણાભાઈ વહેલા ૪:૦૦ વાગ્યે સ્નાન કરવા જાય. સ્નાન કરી ચોખ્ખાં વસ્ત્રો પહેર્યા બાદ તેઓ ધ્યાનમાં બેસી જાય. ધ્યાનમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ જુએ અને મહારાજનાં દર્શન કરે. ઘણા સમય સુધી તેઓ ધ્યાનમાં જ મસ્ત રહે. કોઈકવાર તેઓ પોતાના

મિત્રોને પણ સાથે લાવતા. અને ત્યારે ઝીણાભાઈ સ્નાન કરીને ધ્યાનમાં બેસતા, એટલે ઝીણાભાઈ ધ્યાનમાંથી જાગે ત્યારે તેમના મિત્રો કહે કે, 'ઝીણાભાઈ આ શું કરો છો ?' ત્યારે ઝીણાભાઈ કહે, 'હું ધ્યાન કરું છું અને ધ્યાનમાં શ્રીજી મહારાજનાં દર્શન કરું છું, ચાલો ! હું તમને પણ ધ્યાન કરતા શીખવું.' ત્યારે ઝીણાભાઈ તેમના મિત્રોને ધ્યાન કરતા શીખવે અને ધ્યાનમાં શ્રીજી મહારાજનાં દર્શન કરવાનું કહે. વળી, તેઓ કહેતા કે, 'મહારાજને સંભારીને જ બીજું બધું કાર્ય કરવું.' આમ ઝીણાભાઈ પોતે સત્સંગ કરે અને તેમના મિત્રોને પણ સત્સંગમાં લીન કરતા.

*** ઝીણાભાઈની પાર્ષદ દીક્ષા :** સંવત ૧૯૬૫ના કારતક વદ સાતમના દિવસે ઝીણાભાઈએ ઘરનો ત્યાગ કર્યો. ત્યારે તેમનાં માતા પુરીબાઈએ પોતાના વહાલા ઝીણાને કંસાર જમાડી, કપાળ પર તિલક કરી આશીર્વાદ આપ્યા અને ઝીણાભાઈને વિદાય આપી. ઝીણાભાઈ સાથે તેમના મોટા ભાઈ કમળશીભાઈ તેઓને જૂનાગઢ મૂકવા ગયા હતા. સંવત ૧૯૬૫ના કારતક વદ ચૌદશને દિવસે જૂનાગઢમાં કૃષ્ણચરણદાસ સ્વામીએ પાર્ષદી દીક્ષા આપી ત્યારથી 'ઝીણાભાઈ'માંથી 'ઝીણાભગત' બન્યા. ઝીણાભગત રોજ સવારે વહેલા ઊઠી, સ્નાન કરી, વાસીદું કરે, છાણાં થાપવાની સેવા કરે અને ત્યારબાદ ગાયો-ભેંસોને જૂનાગઢની તળેટીમાં ચરાવવા લઈ જતા. ઝીણાભગત 'શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો' મોઢે કહે, ભજન લલકારે અને વળી, સાદ પાડતા જ ગાયો-ભેંસો ઝીણાભગતની ફરતે વીંટળાઈ જાય. પશુ ચરાવીને પાછા ફરે ત્યારે રસ્તામાંથી ૩૦૦ ઝૂડી દાંતણની બાંધી લાવતા. સાંજે વાસણ માંજવાની સેવા પણ કરતા. રાત્રે સભાના સમયે કથા કરે, ભજન ગાય, ધૂન પણ પોતે જ કરાવે અને મોડી રાત સુધી જાગે ને વળી પાછા બીજા દિવસે વહેલી સવારે જાગીને પોતાના ગુરુની આજ્ઞા મુજબ સેવામાં લાગી જતા. આ રીતે તેમણે કૃષ્ણચરણદાસ સ્વામીજીની સેવા કરી ખૂબ જ રાજીપો મેળવ્યો.

*** ભાગવતી દીક્ષા :** સંવત ૧૯૬૭માં વડતાલમાં ધામધૂમથી સમૈયો કર્યા બાદ તે જ દિવસે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજના હસ્તે ઝીણાભગતને ભાગવતી દીક્ષા આપવામાં આવી અને 'જ્ઞાનજીવનદાસ' નામ આપ્યું. ત્યારે ઘણાં લોકો તેમને 'યોગી' કહીને બોલાવતા. અને 'યોગી'માંથી 'યોગીજી મહારાજ' બન્યા.

સંવત ૧૯૬૭ના ચૈત્ર સુદ તેરશને દિવસે પૂ. કૃષ્ણજી અદાને ધામમાં જવાનો સમય થયો ત્યારે તેઓએ કહ્યું કે, 'જ્ઞાનજીવનદાસજી ક્યાં છે ?' યોગીજી મહારાજને બોલાવી, તેમના માથા પર બે હાથ મૂકીને અઢળક આશીર્વાદ આપ્યા. ત્યારે નિર્ગુણદાસ સ્વામી કહે, 'યોગીજી મહારાજ ! આ બે હાથ માત્ર કૃષ્ણજી અદા જ નહીં, પરંતુ, તેમની સાથે જાગાભક્ત અને ભગતજી મહારાજ પણ આશીર્વાદ આપે છે તેવું માનજો.' આ રીતે યોગીજી મહારાજે ઘણા સાધુઓની સેવા કરી.

*** ગુરુ મહિમા :** યોગીજી મહારાજના ગુરુ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ. તેમને તેમનો અગાધ મહિમા હતો. તેઓ કહેતા, 'શાસ્ત્રીજી મહારાજ 'જોગી' કહીને બોલાવે તો એકદમ કાંટો ચઢી જાય કે, મને શાસ્ત્રીજી મહારાજે બોલાવ્યો. જો જમતો હોઉં તો કોળિયો મૂકી દઉં, અને કાગળ લખતો હોઉં તો પેન મૂકી દઉં. શાસ્ત્રીજી મહારાજની જયંતી ઊજવે તે મને બહુ જ ગમે તે માટે મારું માથું આપી દઉં પરંતુ, મારી જયંતી ઊજવે તે ન ગમે. કોઈ મને હાર પહેરાવે તે ન ગમે.' આવો ગુરુ મહિમા યોગીજી મહારાજને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે હતો.

*** વૃદ્ધાવસ્થાના ઉદ્ગારો :** જ્યારે તેઓ વૃદ્ધાવસ્થામાં હતા ત્યારે તેઓ કહેતા કે, 'મને સેવા કરવાનું બહુ મન થાય છે, પણ કોઈ કરવા દેતું નથી.'

*** અક્ષરધામ નિવાસ વહાલા યોગીજી મહારાજ :** યોગીજી મહારાજ ત્રણ મહિના ગોંડલમાં સ્થિર રહ્યા. ત્યારબાદ ખૂબ જ મોટી બીમારી બદલ તેમને સારવાર માટે મુંબઈ લઈ જવામાં આવ્યા. સંવત ૧૯૭૧ના રોજ તારીખ ૨૩-૧-૧૯૭૧ના રોજ એકાદશીના પવિત્ર દિવસે બપોરના ૧:૦૦ વાગ્યે સૌને આશીર્વાદ આપ્યા અને સૌને 'જય શ્રી સ્વામિનારાયણ' કહી સ્વતંત્ર થકા દેહ મૂકીને અંતર્ધાન થયા. ત્યારબાદ બારશને દિવસે વિમાનમાં તેમને મુંબઈથી ગોંડલ લાવ્યા. ત્યાં અક્ષરદેરીની બાજુમાં વિધિપૂર્વક પૂજન કરી અગ્નિસંસ્કાર આપવામાં આવ્યા. ત્યાં હાલ 'યોગીજી મહારાજ સ્મૃતિ મંદિર' તરીકે પ્રસાદીનું સ્થાન છે. દેશ-વિદેશના હરિભક્તો અશ્રુભીની શ્રદ્ધાંજલિ આપવા આવે છે. અને યોગીજી મહારાજ ગવરાવતા તે ધૂન ગાઈ તેઓને વંદન કરે છે :

*સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમ,*
*બ્રહ્મ અને પરબ્રહ્મ, આત્મા અને પરમાત્મા.*

આવા વહાલા ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના ચરણોમાં કોટિ કોટિ વંદન સહ જય શ્રી સ્વામિનારાયણ ! ◆



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ એપ્રિલ, બુધવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પર નિજ આવાસ 'ઉપાસના'માં જાણીતા ભાગવત કથાકાર પ.પૂ. ભૂપેન્દ્રભાઈ પંડ્યાને સત્કારી, તેઓ સાથે સત્સંગ-ગોષ્ઠિનો આનંદ માણ્યો. અમદાવાદ, મોરબી, મુંબઈથી પધારેલ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'પારમિતા' સભાખંડમાં અ.નિ. સદ્‌ગુરુ સાધુ પૂ. વિઠ્ઠલભાઈ (વી.એસ.)ના પ્રાગટ્યપર્વની સભામાં પધારી આશીર્વાદ આપ્યા.

**૨ એપ્રિલ, ગુરુવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી શ્રી હનુમાનજી જયંતી નિમિત્તે આશીર્વાદ આપ્યા.

**૩ એપ્રિલ, શુક્રવાર...** ફ્રાન્સનિવાસી હોમીભાઈ-કમલબહેનના આણંદના ઘરે પધારી, ધૂન-પ્રાર્થના કરી ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા. નજીકમાં નિવાસ કરતાં કમલેશભાઈ-સેજલબહેન, અંબુભાઈ-ઊર્મિલાબહેનના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી પરિવારજનોને આશીર્વાદ આપ્યા. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં લૉસઍન્જલસ-યુ.એસ.એ.ના મંદિરમાં સેવા કરીને પરત પધારેલા વડીલ સાધુ પૂ. ડૉ. ભરતદાસજી અને પૂ. ઘનશ્યામદાસજીનાં સ્વાગત-અભિવાદન કર્યાં તેમજ તેઓની સેવાને બિરદાવી આશીર્વાદ પાઠવ્યા.

**૪ એપ્રિલ, શનિવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. અમદાવાદ, વેમારથી પધારેલ ભક્તોને આશીર્વાદ આપ્યા.

**૫ એપ્રિલ, રવિવાર...** સવારે નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરીને બારાસડી-બારડોલી જવા માટે પ્રસ્થાન કર્યું. બારસડીમાં કાંતુદાદાના ઘરે પધાર્યા, ત્યાં સૌના સ્વાગતભાવનો સ્વીકાર કરી ઘરમંદિરમાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, સ્થાનિક ભક્તોને દર્શન-ગોષ્ઠિનો લાભ આપ્યો. 'અનુપમ સંસ્કાર ધામ'ના નિર્માણકાર્યને નિહાળવા પધાર્યા. બાંધકામ સ્થળે પ્લિન્થ લેવલે મોટી સંખ્યામાં સંતો-ભક્તોએ એકત્ર થઈને શ્રી ઠાકોરજી સમક્ષ પુષ્પાંજલિ સાથે પ્રાર્થના અર્પણ કરી. 'અનુપમ સંસ્કાર ધામ'ના નિર્માણકાર્યમાં સમર્પિત સંતો, ભક્તો, કૉન્ટ્રાક્ટર, આર્કિટેક્ટ આદિ સૌને અભિનંદન સાથે આશીર્વાદ પાઠવ્યા. ત્યાંથી ભીખુભાઈ પટેલના ઘરે પધાર્યા. સાંજે ભીખાભાઈ ઝવેરભાઈ પટેલ (છોટે સરદાર) તથા અગ્રણી મુક્તોને મુલાકાત-ગોષ્ઠિનો લાભ આપ્યા બાદ 'અનુપમ સંસ્કાર ધામ' પર પધાર્યા. સાઈટ પર અઠવાડિક સત્સંગસભા માટે હાલ પૂરતું તૈયાર કરાયેલ સભાહૉલમાં મંદિરની મૂર્તિઓનાં પૂજન કરી પ્રતિષ્ઠાની આરતી કરી આશીર્વાદ આપ્યા. ત્યારબાદ દીકરીઓના સ્વાગતનૃત્યના ભાવ ઝીલીને કીર્તન આરાધના-સત્સંગસભામાં પધાર્યા. કીર્તન-ભક્તિનો આનંદ માણી સભામાં ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા. વિશેષ કાંતુદાદા-ઊર્મિલાબાના સમગ્ર પરિવાર તથા 'અનુપમ સંસ્કાર ધામ'ના નિર્માણકાર્યમાં સમર્પિત સૌ સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. ભીખુભાઈ પટેલના ઘરે રાત્રિરોકાણ કર્યું.

**૬ એપ્રિલ, સોમવાર...** સવારે ભીખુભાઈના ઘરે સુરત-બારડોલી મંડળના સૌ ભક્તોને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો. દિનેશભાઈ અને હિતેશભાઈના ઘરે પધરામણી કરી, બારાસડીથી વિદાય લઈ, બપોરે પરત તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પધાર્યા. મોરબીથી કનુભાઈ તેઓની દીકરીનાં લગ્નની કંકોતરી અર્પણ કરવા માટે પધાર્યા. તેઓની સાથે પધારેલ વેવાઈ જયેશભાઈ, કાનાભાઈ આદિ મુક્તોને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-પ્રાર્થના કરી, 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૭ એપ્રિલ, મંગળવાર...** સવારે નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરીને પૂ. ચંદ્રવદનભાઈ શાહના આમંત્રણથી ડાકોર 'અશકતાશ્રમ'માં ૪૨મા ધાનદાનના કાર્યક્રમમાં પધાર્યા. દીપ પ્રગટાવી અનાજ કીટવિતરણની શુભ શરૂઆત કરાવીને આશીર્વાદ આપ્યા. વિશેષ આશ્રમના અગ્રણી ઉત્પલભાઈ-પુનિતભાઈ તથા 'અશકતાશ્રમ' પરિવારને તેઓની સેવાકીય પ્રવૃત્તિ માટે અભિનંદન પાઠવ્યાં. ઠાસરા તાલુકાના ધારાસભ્ય યોગેન્દ્રસિંહ પરમારને મુલાકાત આપી. બપોરે પરત તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પધાર્યા. સાંજે શ્રી ભીખુભાઈ પટેલ (ચૅરમૅનશ્રી, C.V.M.)ને ગોષ્ઠિનો લાભ આપ્યો. રાત્રે 'અક્ષરમહોલ'માં બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાજી મહારાજના સ્મૃતિદિન નિમિત્તે આયોજિત કીર્તન આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તથા ઉપસ્થિત

સૌને આશીર્વાદ પાઠવ્યા. વિદેશ ધર્મયાત્રામાં પધારતા ભક્તોને વિદાયની શુભેચ્છા-આશીર્વાદ પાઠવ્યાં.

**૮ એપ્રિલ, બુધવાર...** સવારે નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીની રાજભોગ આરતીનો લાભ લીધો. ત્યારબાદ 'અક્ષરમહોલ'માં સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. સાંજે 'ગુણાતીત જ્યોત'માં પ.પૂ. હંસાદીદીનાં દર્શને પધારી તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે ધૂન-પ્રાર્થના કરી. 'પ્રભુકૃપા'માં પધારી બ્રહ્મસ્વરૂપ પૂ.પૂ. પપ્પાજી મહારાજની મૂર્તિનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, સૌ સાથે જૂની સ્મૃતિઓને વાગોળી આનંદ માણ્યો. તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર દર્શનાર્થે પધારેલ લાંભવેલ સ્થિત આકાંક્ષા હૉસ્પિટલનાં ડૉ. નયનાબહેન પટેલને સત્કારી, અભિવાદન કર્યું. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૯ એપ્રિલ, ગુરુવાર...** સવારે નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીની રાજભોગ આરતી બાદ 'અક્ષરમહોલ'માં સભામાં પધારી સૌને આશીર્વાદ આપ્યા. બપોરે સૌ સંતો-ભક્તોની વિદાય લઈ આણંદ રેલવે સ્ટેશન પધાર્યા. સ્ટેશન સુપરિન્ટેન્ડન્ટને દર્શન-આશીર્વાદ આપ્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજી અને સંતો-ભક્તોની વિદાય લઈને ટ્રેઇનમાં મુંબઈ તરફ પ્રયાણ કર્યું. વડોદરા રેલવે સ્ટેશન પર શંકરકાકા અને ભક્તોને, સુરત સ્ટેશન પર અશ્વિનભાઈ અને ભક્તોને, વલસાડ સ્ટેશન પર સુમનભાઈ અને ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. બોરીવલી સ્ટેશન પર સાધુ પૂ. દિનેશદાસજી, જગતભાઈ, દેવેનભાઈ અને ભક્તોએ ભાવથી સ્વાગત કર્યાં. ત્યાંથી રમેશભાઈ પઢિયારના ઘરે પધારી, ઘરમંદિરમાં પધરાવેલ નૂતન મૂર્તિઓનાં પૂજન-આરતી-મંત્ર પુષ્પાંજલિ અર્પણ કરી સૌને આશીર્વાદ પાઠવ્યા. સભામાં મલાડથી મીરાં રોડ વિસ્તારમાં નિવાસ કરતા ભક્તો મોટી સંખ્યામાં પધાર્યા તે સૌને આશીર્વાદ પાઠવી દર્શન-સમાગમનું સુખ આપીને મોડી રાત્રે વિલેપારલા જગતભાઈ-ચારુબહેનના ઘરે પધારી રાત્રિરોકાણ કર્યું.

**૧૦ એપ્રિલ, શુક્રવાર...** સવારે જગતભાઈના ઘરે શ્રી સંજયભાઈ ઉપાધ્યાય (બોરીવલી-કાંદિવલી મતવિસ્તારના MLA)ને આશીર્વાદ પાઠવ્યા. મંગલપૂજામાં પધારેલા સ્થાનિક ભક્તોને સત્સંગલાભ આપ્યો. કોલાબામાં રાજશ્રીબહેન ઠક્કર-નયનભાઈના ઘરે પધરામણી કરી શ્રી ઠાકોરજી મહારાજને આરતી-મંત્ર પુષ્પાંજલિ અર્પણ કરી. રાજશ્રીબહેન-નયનભાઈના મિત્રોને સત્સંગ-ગોષ્ઠિના લાભ દ્વારા આશીર્વાદ આપ્યા. હેતનભાઈના મિત્ર આર્કિટેક્ટ સુજિતભાઈ અને જગતભાઈના મિત્ર સત્યેનભાઈ દલાલને સત્સંગ-ગોષ્ઠિના લાભ દ્વારા આશીર્વાદ આપ્યા. સાંજે મૂકેશભાઈ-સોનલબહેન ગોકલના ઘરે પધારી તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે ધૂન-પ્રાર્થના કરી. ત્યાંથી ત્રંબકદાદા પઢિયારની બાંદ્રા-વેસ્ટની નવી દુકાન 'અન્નપૂર્ણા'માં પધારી ધૂન-પ્રાર્થના કરી દીકરા ઓજસને આશીર્વાદ આપ્યા. પાર્લામાં બેચરભાઈના ઘરે પધારી ધૂન-પ્રાર્થના કરી, પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. ત્યાંથી ત્રંબકદાદા-સમતાબાના ઘરે સભામાં પધાર્યા. સભા પૂર્વે પ.પૂ. નિર્મળ સ્વામીજી અને પરેશભાઈ પધાર્યા, તેઓ સાથે ગોષ્ઠિ કરી તથા પૂ. નિર્મળ સ્વામીજીના નિરામય સ્વાસ્થ્ય માટે ધૂન કરી. સભામાં પૂના, ખારઘરથી અંધેરી વિસ્તારમાં નિવાસ કરતા ભક્તોને ઉપરાંત ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા. મોડી રાત્રિ સુધી ગોષ્ઠિનો લાભ આપી જગતભાઈના ઘરે પધારી, રાત્રિરોકાણ કર્યું.

**૧૧ એપ્રિલ, શનિવાર...** સવારે જગતભાઈ અને પરિવારજનો સાથે ગોષ્ઠિ કરી આશીર્વાદ પાઠવ્યા. મુંબઈ ઍરપૉર્ટ પર ભક્તોની ભાવભરી વિદાય લઈ ફ્લાઇટમાં લંડન પ્રતિ પ્રયાણ કર્યું. હીથ્રો ઍરપૉર્ટ પર સાધુ પૂ. હિંમત સ્વામીજી, સતીશભાઈ આદિ સંતો-ભક્તોએ ભાવથી સત્કાર્યા. મંદિરજીમાં સૌ ભક્તોના સ્વાગતના ભાવ ઝીલી, શ્રી ઠાકોરજીનાં દર્શન કર્યાં. દીકરીઓના સ્વાગતનૃત્યના ભાવ ઝીલી સભામાં ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા.

**૧૨ એપ્રિલ, રવિવાર...** લંડન મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, ડૉ. રાજ (યુરો સર્જન)ને સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો. અઠવાડિક સત્સંગસભામાં સૌના સ્વાગતના ભાવ ઝીલી આશીર્વાદ આપ્યા.

**૧૩ એપ્રિલ, સોમવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. જાણીતા દાનવીર પ્રદીપભાઈ ધામેચાને સત્કારી, તેઓ સાથે ગોષ્ઠિ કરી આશીર્વાદ આપ્યા. 'ૐ ક્રિમેટોરિયમ'ના નિર્માણકાર્યને નિહાળી જરૂરી માર્ગદર્શન આપ્યાં. સાંજે વિજયકુમાર-દર્શનાબહેનના ઘરે સૌ સંતો સાથે પધારી ધૂન-પ્રાર્થના કરી બ્રહ્માનંદ કર્યો.

**૧૪ એપ્રિલ, મંગળવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી શ્રી નિર્મલ શેઠના ઘરે પધરામણી કરી ગોષ્ઠિના લાભ દ્વારા આશીર્વાદ આપ્યા. બેકર સ્ટ્રીટમાં સુખપાલસિંગની ઑફિસમાં પધરામણી કરી ગોષ્ઠિના લાભ દ્વારા આશીર્વાદ પાઠવ્યા. ભારત પધારતાં વિજયભાઈ ઠક્કર-દર્શનાબહેનને વિદાયની શુભેચ્છા-આશીર્વાદ આપ્યાં.

**૧૫ એપ્રિલ, બુધવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી મનીષભાઈ, પ્રદીપભાઈને સત્કારી આશીર્વાદ આપ્યા. સાંજે રમેશભાઈ કણસાગરાનાં સ્વાગત કરી ગોષ્ઠિનો લાભ આપ્યો. રાત્રે અશીદ-ધનેશ્વરીના ઘરે પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા.

**૧૬ એપ્રિલ, ગુરુવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, ઈસ્ટ લંડન, વૅમ્બલી, ઈકનહામ મંડળની અઠવાડિક સત્સંગસભામાં આશીર્વાદ આપ્યા.

**૧૭ એપ્રિલ, શુક્રવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, પ્રમોદભાઈ ઠક્કરને ગોષ્ઠિના લાભ દ્વારા આશીર્વાદ પાઠવ્યા. અશીદભાઈ-ધનેશ્વરીબહેનના ઘરે અક્સબ્રિજ મંડળની સત્સંગસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૧૮ એપ્રિલ, શનિવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, યૂથ ડેમાં યુવકોની સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. શ્રી શામજીભાઈને સત્કારી, આશીર્વાદ પાઠવ્યા. ધામેચા હૉલમાં યોજેલ 'શ્રી હનુમાન ચાલીસા'ના પાઠમાં પધારી પ્રાર્થના કરી, ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૧૯ એપ્રિલ, રવિવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, અઠવાડિક સત્સંગસભામાં પધારેલા ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. ગૌરાંગભાઈ-ચાંદનીબહેનના નૂતન આવાસમાં પધરામણી કરી ધૂન-પ્રાર્થના-પુષ્પવર્ષા કરી પરિવારજનોને આશીર્વાદ આપ્યા. હરેશભાઈ-નેહાબહેનની નવી હેર શોપમાં પધરામણી ધૂન-પ્રાર્થના કરી આશીર્વાદ આપ્યા. મિતેશ પટેલ સાથે ગોષ્ઠિ કરી આશીર્વાદ આપ્યા.

**૨૦ એપ્રિલ, સોમવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. અમેરિકા જતી દેવિકા ચતવાણીને આશીર્વાદ પાઠવ્યા. રોહિતભાઈ-પ્રવીણાબહેન સાથે ગોષ્ઠિ કરી આશીર્વાદ આપ્યા.

**૨૧ એપ્રિલ, મંગળવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. રીટાબહેન છાબરિયા (શ્રી ગોપીચંદભાઈ હિન્દુજાની દીકરી)ને સત્કારી, ગોષ્ઠિના લાભ દ્વારા આશીર્વાદ પાઠવ્યા. તુષારભાઈ મોરજરિયા, શામજીભાઈને સત્કાર્યા. રાત્રિસભામાં આશીર્વાદ પાઠવ્યા.

**૨૨ એપ્રિલ, બુધવાર...** સતીશભાઈ ચતવાણીની ઑફિસ 'કાન્તા હાઉસ', જગુભાઈ માસ્ટરના ઘરે પધરામણી કરી ધૂન-પ્રાર્થના કરી પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. દિલીપભાઈ-ભાવનાબહેનના ઘરે તથા સુરેશભાઈ રાજાણીની શોપ પર પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી આશીર્વાદ પાઠવ્યા.

**૨૩ એપ્રિલ, ગુરુવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય યોગીજી મહારાજ સ્મૃતિદિન નિમિત્તે કીર્તનસંધ્યામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો. રેખાબહેન-પ્રકાશભાઈ પટેલના પિતાશ્રી મોહનભાઈના અક્ષરધામગમન નિમિત્તે તેઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી, તેઓનાં પરિવારજનોની ભક્તિ, નિષ્ઠા અને સમર્પણને બિરદાવી ઉપસ્થિત સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૪ એપ્રિલ, શુક્રવાર...** વિપુલભાઈ (ક્વૉલિટી ફૂડ્સના માલિક)ના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી પરિવારજનોને આશીર્વાદ આપ્યા. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. દર્શનાર્થે પધારેલ લૉર્ડ ડોલર પોપટનાં સ્વાગત કરી આશીર્વાદ આપ્યા. સાંજે વિનુભાઈ-સોનિયાબહેન નકારજાના ઘરે ઈકનહામની અઠવાડિક સત્સંગસભામાં પધારી આશીર્વાદ આપ્યા.

**૨૫ એપ્રિલ, શનિવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. રાજુભાઈ-રમીલાબહેન અને રશ્મિભાઈ ચતવાણીનાં સ્વાગત કરી ગોષ્ઠિના લાભ દ્વારા આશીર્વાદ આપ્યા.

**૨૬ એપ્રિલ, રવિવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી. 'ૐ ક્રિમેટોરિયમ પ્રૉગ્રેસ ઍન્ડ અપડેટ'ની સભામાં વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, મહેમાનો અને ભક્તોને આશીર્વાદ આપ્યા.

**૨૭ એપ્રિલ, સોમવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. અમેરિકાનાં સુષ્માબહેનનાં સ્વાગત કરી આશીર્વાદ આપ્યા. તેજ જગુભાઈ માસ્ટર દ્વારા તૈયાર થઈ રહેલ 'ૐ ક્રિમેટોરિયમ'ના વિડીયો રેકોર્ડિંગમાં આશીર્વાદ આપ્યા.

**૨૮ એપ્રિલ, મંગળવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. યુ.કે. અને યુરોપની ઈસ્કોન મંદિર પ્રવૃત્તિનાં વડાં વિશાખાદેવીનાં સ્વાગત-અભિવાદન કરી આશીર્વાદ આપ્યા. તેઓની સાથે પધારેલ સંજયભાઈ ગઢવીને પણ આશીર્વાદ આપ્યા. દિનેશભાઈ સંઘરાજકાના ઘરે પધરામણી કરી, ત્યાં તેઓના મોટા ભાઈ નવીનભાઈ સંઘરાજકાને જન્મદિવસ નિમિત્તે શુભેચ્છા-આશીર્વાદ પાઠવ્યાં તથા પરિવારજનો સાથે ગોષ્ઠિ કરી સૌને આનંદ કરાવ્યો. લલિતભાઈ સોઢા સાથે ગોષ્ઠિ કરી આશીર્વાદ પાઠવ્યા. સંધ્યા અને શયન આરતીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી રાત્રે હર્ષિતભાઈ અને શોભનભાઈ નકારજાના ઘરે પધરામણી કરી ગોષ્ઠિનો આનંદ કરાવી આશીર્વાદ પાઠવ્યા.

**૨૯ એપ્રિલ, બુધવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. સુનીલભાઈ ભુડિયા (હાર્ટ સર્જન, હેરફિલ્ડ હૉસ્પિટલ)ને આશીર્વાદ આપ્યા.

**૩૦ એપ્રિલ, ગુરુવાર...** સતીશભાઈ-હંસાબહેન ચતવાણીના ઘરે પધરામણી કરી, રાજભોગ આરતી અર્પણ કરી. ધૂન-પ્રાર્થના કરી ગોષ્ઠિનો લાભ આપ્યો. કચ્છી પટેલ સમાજ ન્યૂ હૉલમાં પધરામણી કરી માવજીભાઈ અને સામજીભાઈ ગ્રુપને આશીર્વાદ આપ્યા. શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. ◆

# સત્સંગ સમાચાર

## યુ.કે.માં ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિક સેવાનું ઐતિહાસિક કેન્દ્ર

અનુપમ મિશન, ડેન્હમ-યુ.કે. દ્વારા નિર્માણ પામી રહેલ 'ૐ હિન્દુ ક્રિમેટોરિયમ' પ્રૉજેક્ટના પ્રૉગ્રેસ રિપૉર્ટ પ્રેઝન્ટેશન માટે ગુરુહરિ સાહેબજીની દિવ્ય ઉપસ્થિતિમાં રવિવાર, ૧૯ એપ્રિલના રોજ એક સુંદર અને ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

આ પ્રસંગે શ્રી સી. બી. પટેલ (ગુજરાત સમાચાર), પૂ. નંદાજી (પ્રમુખ, ભારતીય વિદ્યા ભવન), લૉર્ડ રેમી રેન્જર, પૂ. શૌનક ઋષિજી, રશ્મિભાઈ ચતવાણી, સુનીલભાઈ તથા જલારામ મંદિરના ટ્રસ્ટીઓ, પ્રમોદભાઈ ઠક્કર, સુધીરભાઈ ઠક્કર (લૅસ્ટર), મનુભાઈ રામજી, ઋજુ માર્શલ, સુખંડ નાનક ધામના પ્રમુખ તથા ટ્રસ્ટીઓ, સંજયભાઈ ગઢવી તેમજ ઇસ્કોન ટેમ્પલના સર્વે ટ્રસ્ટીઓ, ચંદ્રકાંતભાઈ શાહ તથા સર્વે ટ્રસ્ટીઓ, જશવંતભાઈ દોશી-નવનાથ સૅન્ટર અને ટ્રસ્ટીઓ ઉપરાંત સ્વામિનારાયણ સંપ્રદાય, જલારામબાપા, લોહાણા સમાજ જેવા વિવિધ સંપ્રદાયો અને જ્ઞાતિઓના આગેવાનો, ઈંગ્લૅન્ડના નામાંકિત ઉદ્યોગપતિઓ, સમાજસેવકો, ડૉક્ટર્સ, સોલિસિટર્સ તથા અનુપમ મિશનના સંતો-ભક્તો સાથે આશરે ૪૦૦ જેટલા ભાવિકો ઉપસ્થિત રહ્યા.

'ૐ સ્મશાનગૃહ'ના નિર્માણ માટે અત્યાર સુધી થયેલી પ્રગતિ અંગે વિગતવાર પ્રૉજેક્ટ અપડેટ આપવામાં આવ્યો. ભાવિશાબહેને કાર્યક્રમનું સુંદર સંકલન કર્યું અને સ્લાઇડ શૉ દ્વારા 'ૐ સ્મશાનગૃહ'ના કાર્યના વિકાસ તથા ભાવિ આયોજન અંગે પ્રેઝન્ટેશન રજૂ કર્યું.

પ્રાસંગિક પ્રવચન કરતાં સતીશભાઈ ચતવાણીએ જણાવ્યું કે, 'અનુપમ મિશન દ્વારા યુનાઇટેડ કિંગ્ડમમાં વિકસિત થતો આ 'ૐ ક્રિમેટોરિયમ' પ્રૉજેક્ટ ભારતીય સંસ્કૃતિ, ધાર્મિક પરંપરા અને આધ્યાત્મિક સેવાઓ માટે એક ઐતિહાસિક પહેલ છે. આ પ્રૉજેક્ટ માત્ર એક ક્રિમેટોરિયમ નથી, પરંતુ હિંદુ, જૈન અને શીખ સમાજ માટે પોતાના ધાર્મિક રીતિ-રિવાજ મુજબ અંતિમસંસ્કાર કરવાની પવિત્ર અને ગૌરવપૂર્ણ વ્યવસ્થા છે. પૂજ્ય શૌનક ઋષિજીએ પોતાના અંતરના ઉદ્‌ગારો વહાવી ધન્યતા વ્યક્ત કરતાં જણાવ્યું કે, 'સંતભગવંત સાહેબદાદાની સાધુતા અને વ્યક્તિત્વ જ એ કારણ છે કે બધા જ સંપ્રદાયો અહીં એકત્ર થયા છે. સૌને વિશ્વાસ છે કે, સાહેબદાદા જે કંઈ કરશે તે સારું જ કરશે.' શ્રી નંદાજીએ પોતાના પ્રવચનમાં સંસ્કૃતના એક શ્લોકનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, 'દાતાના ત્રણ પ્રકાર હોય છે-પ્રથમ દાતા દાન આપીને છૂટી જાય, બીજો પોતે દાન આપે અને અન્ય દાતાઓને પણ જોડે, જ્યારે ત્રીજો દાતા પોતે દાન આપે છતાં ગર્વ ન કરે, નમ્ર રહે અને મધુર વાણી રાખે. આવા ત્રીજા પ્રકારના દાતા દુર્લભ છે અને અનુપમ મિશનમાં આવા દાતાઓ જોવા મળે છે.'

સંતભગવંત સાહેબદાદાએ પોતાનાં આશીર્વચનમાં લૉર્ડ ડોલર પોપટની ભાવના, સતીશભાઈના અથાક મહેનત અને દાખડો, સંતો, ભક્તોનાં ભજન-પ્રાર્થના અને સર્વેએ ઉદાર દિલે આપેલાં દાનની વાતો કરી આભાર વ્યક્ત કર્યો. તેઓએ જણાવ્યું કે, 'ભગવાનનું શ્રેષ્ઠ સર્જન માનવી છે, તેથી માનવસેવામાં જે વપરાય તે પ્રભુસેવા ગણાય. આ પ્રૉજેક્ટમાં થનાર આવક પણ સમાજસેવા માટે ઉપયોગમાં લેવાશે.' ◆

## બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ જયંતી

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનો પાવન પ્રાગટ્યદિન વૈશાખ વદ બારસ (૧૪ મે)ના રોજ આવતો હોવાથી સાધુ પૂ. હિંમત સ્વામીજી અને સતીશભાઈની પ્રાર્થનાથી ૩ મે ૨૦૨૬ના રોજ અનુપમ મિશન, ડેન્હમ ખાતે આ જન્મોત્સવ અતિ દિવ્યતા ને ભવ્યતા સાથે ઉજવાયો. સંતભગવંત સાહેબદાદા તથા ઈંગ્લૅન્ડના સર્વ સંતો-હરિભક્તોની ઉપસ્થિતિએ સમગ્ર વાતાવરણને દાસભાવ અને ગુરુપ્રેમથી છલકાવી દીધું. કાર્યક્રમના આરંભે



ઈંગ્લૅન્ડની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર નિર્માણાધીન 'ૐ ક્રિમેટોરિયમ'ના વિકાસકાર્યની માહિતી પ્રદાન સભામાં સાહેબજીના સાંનિધ્યે ઉપસ્થિત ગણમાન્ય મહેમાનો

યુવકોએ 'મુને વ્હાલું જોગીડા તારું મુખડું...' ભજન ગાઈ ભક્તિમય માહોલ સર્જ્યો. તે દરમિયાન અચાનક જ સાહેબદાદાએ માઈક લઈને પોતાના અંતરનાં આશીર્વચન વરસાવ્યાં, જે સર્વે માટે અમૂલ્ય આત્મિક પ્રેરણાનું સ્રોત બન્યાં. યોગીજી મહારાજના દિવ્ય વ્યક્તિત્વનો મહિમા વર્ણવતાં સાહેબદાદાએ જણાવ્યું કે, 'તેઓનું સમગ્ર જીવન પ્રેમ, સેવા અને અખંડ ભગવત્ સ્મરણથી ભરેલું હતું. તેઓ હંમેશાં કહેતા કે, સાચું સુખ ભગવાનની ભક્તિ અને સંતોના સમાગમમાં જ છે. જેમ લોહચુંબક લોખંડને આકર્ષે છે, તેમ તેઓનું વ્યક્તિત્વ મુમુક્ષુઓને પોતાની તરફ આકર્ષતું હતું.'

કાર્યક્રમનું સંચાલન ભાવિશાબહેને કર્યું. જયંતભાઈ કોટેચા અને સતીશભાઈ ચતવાણીએ પ્રાસંગિક મહિમાગાન કર્યાં. આ પાવન પ્રસંગે સાહેબદાદાએ સાધુ પૂ. નીલેશદાસજીને મંદિરમાં શ્રી ઠાકોરજી મહારાજની નિત્ય પાંચ આરતી ઉતારવાની વિશેષ આજ્ઞા આપી. જેનો સર્વે ભક્તોને નિયમિત ભક્તિનો વિશેષ લાભ પ્રાપ્ત થઈ રહ્યો છે. ૩ મેના રોજ સાંજે સંતભગવંત સાહેબજી અને સંતોના વિદાય-મિલનની સભા યોજાઈ. આજે યોગી જયંતી નિમિત્તે ઉપસ્થિત હરિભક્તો તથા ક્રિમેટોરિયમના દાતાઓ માટે સતીશભાઈનાં માર્ગદર્શન હેઠળ પ્રૉજેક્ટની મુલાકાતની સુંદર વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી.

નૂતન 'સંત આવાસ' અને 'મહેમાન ભવન'નું બાંધકામ કાર્ય પૂર્ણ થતાં સંતભગવંત સાહેબજી, સતીશભાઈ, સંતો અને હરિભક્તોએ પુષ્પવર્ષા સાથે શ્રી ઠાકોરજી મહારાજને પધરાવી આરતી અર્પણ કરી. આ બાંધકામ સેવા માટે જતીનભાઈ અને તેમની ટીમે અત્યંત પરિશ્રમ અને નિષ્ઠાથી કાર્ય પૂર્ણ કર્યું હોવાથી સાહેબદાદાએ અત્યંત પ્રસન્ન થઈ તેમને હૃદયપૂર્વક આશીર્વાદ આપ્યા. આ સમગ્ર ઉજવણી ભક્તિ, સેવા, સમર્પણ અને ગુરુપ્રેમના દિવ્ય સંદેશ સાથે અવિસ્મરણીય બની રહી. ◆

## ઉપાસના ધામ, ખારઘર મંદિરજીની મૂર્તિઓનો ૧૯મો પાટોત્સવ

સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સંતોની પુનિત ઉપસ્થિતિમાં નવી મુંબઈ સ્થિત ખારઘરના ઉપાસના ધામના મંદિરજીમાં બિરાજમાન શ્રી મુક્ત-



સાહેબજીના સાંનિધ્યે અનુપમ મિશન, યુ.કે. મંદિરમાં શ્રી યોગીજયંતીની ઉજવણી

અક્ષર-પુરુષોત્તમ મહારાજ, સર્વે ગુણાતીત સ્વરૂપો અને દેવતાઓની મૂર્તિઓનો ૧૯મો પાટોત્સવ અત્યંત ભક્તિભાવે ઉજવાયો. ૨૯ એપ્રિલના રોજ સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને ૧૬ જેટલા સંતો બ્રહ્મજ્યોતિ, મોગરીથી આ પર્વમાં ભાગ લેવા માટે ખારઘર પધાર્યા. ખારઘર મંદિરજીના મહંત સાધુ પૂ. દિનેશદાસજી તથા સાધુ પૂ. હરિકૃષ્ણદાસજી અને ભક્તોએ તેમને ભાવથી આવકાર્યા. સંધ્યાઆરતી બાદ સ્વાગતસભા યોજાઈ, જેમાં સાધુ પૂ. ભરતદાસજી પંડ્યા, સાધુ પૂ. ઉમેશદાસજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સત્સંગલાભ આપ્યો.

૩૦ એપ્રિલના રોજ યોજિત સત્સંગસભામાં 'ધૂન અને ભજનની ટેવ'નું પરિણામ વિષય પર સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ અલૌકિક સત્સંગલાભ આપ્યો. સભામાં નવદીક્ષિત સાધુ પૂ. મહર્ષિદાસજીએ પોતાના સ્વાનુભવના આધારે ધૂન-ભજનના મહિમાની સુંદર વાતો કરી. સંધ્યાઆરતી બાદ બ્રહ્મજ્યોતિ, મોગરીથી પધારેલ સાધુ પૂ. કેયૂરદાસજીની આગેવાની હેઠળ રાહુલભાઈ તથા અનુપમ સૂરવૃંદ દ્વારા ભજનસંધ્યા અર્પણ થઈ.

૧ મે ૨૦૨૬ની સવારે શ્રી પાટોત્સવ વિધિ પ્રધાન આચાર્ય સાધુ પૂ. અશોકદાસજી તથા સૂરવૃંદના સેવકો દ્વારા કરાવવામાં આવી. શ્રી ઠાકોરજી અને ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓનાં પાટોત્સવ પૂજન વડીલ સાધુ પૂ. વાસુદેવદાસજી, પૂ. ડૉ. ભરતદાસજી-પંડ્યા, પૂ. દિનેશદાસજી-મોદી, પૂ. ઉમેશદાસજી, પૂ. રમેશદાસજી-દયાળુ, પૂ. રાજુદાસજી, પૂ. યજ્ઞેશદાસજી, પૂ. પંકજદાસજી, પૂ. કેયૂરદાસજી દ્વારા કરવામાં આવ્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી તથા પવઈથી પધારેલ વડીલ સાધુ પૂ. ભરતભાઈ, પૂ. વશીભાઈ અને સંતોનાં સાંનિધ્યે ૨૧ અક્ષરમુક્તોએ યજમાનપદે બિરાજમાન થઈ ખૂબ જ ભાવથી વિધિ અર્પણ કરી અને ધન્યતા અનુભવી. મુંબઈ પ્રદેશના પ્રાદેશિક સંત પૂ. યજ્ઞેશદાસજીએ પાટોત્સવ વિધિ દરમિયાન 'ભજન કરતાં કરતાં ક્રિયા કરવી' એ વાતનો આધાર લઈ મહિમાભરી વાતો સંતભગવંત સાહેબજીના જીવનપ્રસંગો સાંકળીને કરી. ત્યારબાદ શ્રી ઠાકોરજી મહારાજના શણગાર થયા અને સૌને અલૌકિક દર્શનનું સુખ પ્રાપ્ત થયું. શ્રી ઠાકોરજી મહારાજને આરતી અને થાળ અર્પણ કરી સૌએ દર્શનના સુખનો આનંદ માણ્યો. ત્યાબાદ પાટોત્સવ માહાત્મ્યસભામાં બ્રિજભાઈ, મીઠીબહેન, સાધુ પૂ. રાજુદાસજી, સાધુ પૂ. દિનેશદાસજીએ મહિમાસભર વાતો કરી સ્વાનુભવ વ્યક્ત કર્યા. પૂ. ભરતભાઈએ અદ્‌ભુત આશીર્વાદ અર્પણ કર્યા. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ આવતા વર્ષે આવનાર મંદિરજીના દ્વિદશાબ્દી પાટોત્સવ પર્વને વધાવી લેવા અને તે અંતર્ગત વિશેષ ભક્તિ અર્પણ કરી શકાય તે ભાવથી મુંબઈ પ્રદેશના હરિભક્તોને કેટલાક નિયમો આપ્યા. આમ, સંતોની સન્નિધિ અને ભક્તિના આનંદપૂરમાં ભીંજાઈ સૌ ધન્ય થયાં. ◆

## યોગી વિદ્યાપીઠનાં ગૌરવ

સંતભગવંત સાહેબજીની કૃપાશિષ અને પ્રેરણાથી સંસ્કારસંપન્ન શિક્ષણ અને કેળવણી આપતી યોગી વિદ્યાપીઠની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓનાં



**નવી મુંબઈ–ખારઘર સ્થિત મંદિરજીમાં બિરાજમાન શ્રી ઠાકોરજી મહારાજ અને ગુણાતીત સ્વરૂપોને ૧૯મા પાટોત્સવપર્વે અન્નકૂટ અર્ઘ્ય અર્પણ**

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બૉર્ડની પરીક્ષાઓમાં ઝળહળતાં પરિણામ આવ્યાં છે.

**✱ જ્ઞાનયજ્ઞ વિદ્યાલય–મોગરી :** ધોરણ-૧૦ની બૉર્ડની પરીક્ષાનું ૯૭.૪૬% પરિણામ આવ્યું છે, જેમાં ૨૨ વિદ્યાર્થીઓ A1 ગ્રેડ, ૨૯ વિદ્યાર્થીઓ A2 ગ્રેડ તથા ૨૬ વિદ્યાર્થીઓ B1 ગ્રેડ સાથે ઉત્તીર્ણ થયા છે. શાળાના તેજસ્વી વિદ્યાર્થી દીપકુમાર ભાનુભાઈ સોલંકીએ ૯૯.૯૯ PR મેળવી સંસ્થાને ગૌરવ અપાવ્યું છે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની બૉર્ડની પરીક્ષાનું ૧૦૦% પરિણામ આવ્યું છે, જેમાં ૨ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ તથા ૭ વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ મેળવી આણંદ જિલ્લામાં આગવું સ્થાન હાંસલ કર્યું છે.

**✱ શારદા મંદિર–નડિયાદ :** ધોરણ-૧૦ની બૉર્ડની પરીક્ષાનું ૯૮.૯૬% પરિણામ આવ્યું છે, જેમાં શાળાના ૪૫ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ અને ૫૫ વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ હાંસલ કરી સુંદર સિદ્ધિ મેળવી છે. શાળાની વિદ્યાર્થિની તુલસી સ્નેહલકુમાર મિતલિયાએ ૯૯.૯૯ PR મેળવી સંસ્થાને ગૌરવ અપાવ્યું છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની બૉર્ડની પરીક્ષાનું ૮૯.૮૭% અને સામાન્ય પ્રવાહની બૉર્ડની પરીક્ષાનું ૯૮.૭૮% પરિણામ આવ્યું છે.

**✱ નીલકંઠવર્ણી વિદ્યાલય :** કચ્છ-શિણાય ખાતે અનુપમ મિશન સંચાલિત નીલકંઠવર્ણી વિદ્યાલયના ધોરણ-૧૦ની બૉર્ડની પરીક્ષાનું સતત ચોથા વર્ષે ૧૦૦% પરિણામ આવ્યું છે.

**✱ ધારી :** શ્રીમતી વી.પી.જી. ગર્લ્સ હાઈસ્કૂલનું ધોરણ-૧૦ની બૉર્ડની પરીક્ષાનું ૭૭.૬૫% પરિણામ આવ્યું છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની બૉર્ડની પરીક્ષાનું ૬૬.૬૮% અને સામાન્ય પ્રવાહની બૉર્ડની પરીક્ષાનું ૯૭.૫૦% પરિણામ આવ્યું છે.

સંતભગવંત સાહેબજીએ સૌ વિદ્યાર્થીઓ અને સારસ્વતગણને અંતરની શુભેચ્છાઓ પાઠવી પ્રસન્નતાપૂર્ણ આશીર્વાદ પ્રદાન કર્યા છે. ◆

## શ્રદ્ધાંજલિ

**✱ પૂજ્ય અશિતકુમાર મિત્રા :** કલકત્તા નિવાસી અક્ષરમુક્ત અશિતકુમારજી સત્સંગમાં વિશેષ કરીને મિત્રાસાહેબ તરીકે ઓળખાયા! વર્ષો પૂર્વે ઍક્સાઈઝ કમિશ્નર તરીકે વડોદરામાં તેઓની નિમણૂક થઈ ત્યારે અક્ષરમુક્ત કે.સી. સિંગસાહેબના સંબંધને પરિણામે અનુપમ મિશન સાથે પરિચય થયો. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની જીવનભાવના, અનોખી કર્મયોગી સાધનાના અનુભવ કરીને તેઓના હૃદયમાં ઊંડો સદ્‌ભાવ જાગ્યો. ધીમે ધીમે અનુપમ મિશનના સત્સંગમાં જોડાતા ગયા અને સમર્પિત થયા. એક સમયે તેઓને પ્રમોશન મળતાં વડોદરાથી દૂર જવાનું થતું હતું. પણ શ્રી ઠાકોરજી મહારાજથી દૂર તેઓને જવું નહોતું માટે પ્રભુને ગદ્‌ગદભાવે પ્રાર્થના કરી તો પ્રમોશન પણ મળ્યું અને વડોદરામાં જ રહેવાનું થયું. આ પ્રસંગ બાદ અત્યંત નિષ્ઠા સાથે તેઓ અનુપમ મિશનની સેવાકીય પ્રવૃત્તિમાં પણ યોગદાન આપતા રહ્યા. સંતો પ્રત્યેના અપાર પ્રેમને પરિણામે અને તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર મળતા આધ્યાત્મિક આનંદને મેળવવા તેઓ પ્રત્યેક સમૈયા-ઉત્સવમાં હાજરી આપતા. બીમારી હોવા છતાં જીવનના અંતિમ દિવસો શ્રી ઠાકોરજી અને ગુરુહરિ સાહેબદાદાના સાંનિધ્યે વિતાવવાનું નક્કી કરી બ્રહ્મજ્યોતિમાં રહેવા આવ્યા. અને પછી ચૅકઅપ માટે કલકત્તા ગયા, ત્યાં પ્રભુનું ભજન કરતા કરતા તેઓએ ૮ મે ૨૦૨૬ના રોજ દેહત્યાગ કર્યો. તેઓના જીવનમાં તેઓનાં ધર્મપત્ની સુમિત્રાબહેન અને પરિવારજનોએ પણ સત્સંગને જ પ્રાધાન્ય આપ્યું. આવા આદર્શ અક્ષરમુક્તને હૃદયપૂર્વક શ્રદ્ધાસુમન અર્પણ! ◆









અનુપમ મિશન-ઈંગ્લૅન્ડની તપોભૂમિ પર સંતભગવંત સાહેબજીનાં ભાવપૂર્ણ સ્વાગત... સ્વાગતસભામાં સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન





અનુપમ મિશન-ઈંગ્લૅન્ડની તપોભૂમિ પર નિર્માણાધીન 'ૐ ક્રિમેટોરિયમ'ની મુલાકાત... નૂતન સાધકનિવાસમાં પ્રવેશ પૂર્વે ગુરુહરિ સાહેબજીના સાંનિધ્યે ધૂન-પ્રાર્થના







ખારઘર-નવી મુંબઈ સ્થિત મંદિરજીમાં બિરાજમાન શ્રી ઠાકોરજીનાં સંતો દ્વારા પાટોત્સવ પૂજન





ખારઘર-નવી મુંબઈ સ્થિત મંદિરજી પાટોત્સવ પૂજનમાં રત યજમાન ભક્તો... સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સંતો દ્વારા શ્રી ઠાકોરજીને પાટોત્સવ આરતી અર્પણ



અનુપમ મિશન-યુ.કે.ની યુવાપેઢીને સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન



વિદેશની ધર્મયાત્રાથી પરત પધારતા સાહેબજીનાં બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે સ્વાગત



'પારમિતા' સભાખંડમાં યોજિત સ્વાગત સભામાં સાહેબજીની કૃપાશિષ



# નિમંત્રણ



## ॥ મંગલ ઉત્સવ ત્રિવેણી ॥

યોગી વારસદાર, હૃદય અધિરાજ
સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યે
**ગુરુદેવ યોગીજી મહારાજના ૧૩૫મા પ્રાગટ્યદિન,**
**શ્રી યોગીઆજ્ઞા મંત્રદીક્ષા હીરક જયંતી,**
**અનુપમ મિશન સુવર્ણ જયંતીના**
ત્રિવેણી ઉત્સવ આનંદને
શ્રી યોગી યુવા ગ્રીષ્મ શિબિરના શિબિરાર્થીઓ સાથે
ભક્તિભાવે ઊજવીશું.
અદ્‌ભુત સાંસ્કૃતિક કાર્યક્રમ અને
માહાત્મ્યસભર સત્સંગસભાની દિવ્યતા માણીશું.
અવશ્ય પધારશોજી.

**૨૩ મે ૨૦૨૬, શનિવાર**

સમય : સાંજે ૭:૩૦ સાંસ્કૃતિક કાર્યક્રમ અને ઉત્સવ સભા

સ્થળ : પ્રજ્ઞાનતીર્થ-સર્વાંગી શિક્ષણ સંસ્થાન,
મોગરી-આણંદ જૂના રસ્તા, મોગરી-૩૮૮ ૩૪૫

સભા પૂર્વે સાંજે ૬:૩૦ વાગ્યાથી
શ્રી ઠાકોરજી મહારાજનો મહાપ્રસાદ સાથે માણીશું.


**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2024-26
* Date of Publication : 14th of each Month
* Date of Posting : 15th of each Month * Posted at: Vallabh Vidhyanagar Post Office
* Annual Subscription For India : Rs. 100/-
"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-05-2026 * Office of Origin : Vallabh vidhyanagar
Founder Editor : Shantibhai F. Patel * Editor : Sandipbhai R. Shah
Published by : Dilipbhai V. Desai on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat
Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008

**If Undelivered Please return to :**
**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345, Dist. Anand,**
**Gujarat, India * Phone : (02692) 230483, 230544**
**email : amindia@anoopam.org * website: www.anoopam.org**